સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 39

[SEPTEMBER - 2023]
[24/09/23 to 30/09/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**24 SEP.-2023**

- પ્રસિડેન્ટ ઓફ ભારત : 'ભારત' અને 'ઇન્ડિયા' નામ ચર્ચા ..... 02
- મહિલા અનામત બિલ 2023 (Women's Reservation Bill, 2023) ..... 04
- QUESTION ANSWERS ..... 07

**25 SEP.-2023**

- દિવસ મહિમા : 25 સપ્ટેમ્બર, અંત્યોદય દિવસ ..... 08
- ગુજરાતમાં સૌરાષ્ટ્રનો પ્રસિદ્ધ તરણેતરનો મેળો ..... 08
- ભાદરવા સુદ પાંચમ, ઋષિ પંચમી ..... 11
- બીમા સુગમ (BIMA Sugam) ..... 11
- આંતરરાષ્ટ્રીય વકીલ પરિષદ 2023 ..... 12
- વારાણસીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ બનાવવામાં આવશે ..... 13
- QUESTION ANSWERS ..... 14

**26 SEP.-2023**

- દિવસ મહિમા : 26 સપ્ટેમ્બર, પરમાણુ શસ્ત્રોની નાબૂદિ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 17
- ભારત અને સિંગાપોર વચ્ચે નૌસેના અભ્યાસ SIMBEX-2023નું આયોજન ..... 17
- ભારત, ઈન્ડોનેશિયા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ ત્રિપક્ષીય દરિયાઈ અભ્યાસ ..... 18
- AMCની સ્વચ્છતા ટ્રેન પહેલ ..... 18
- નાસાનો પહેલો એસ્ટરોઇડ સેમ્પલ પૃથ્વી પર લાવવામાં આવ્યો ..... 19
- QUESTION ANSWERS ..... 21

**27 SEP.-2023**

- દિવસ મહિમા : 27 સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિવસ (World Tourism Day) ..... 22
- ક્લાઈમેટ એમ્બિશન સમિટ 2023 ..... 22
- સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્રીમતી વહીદા રહેમાનને 'દાદા સાહેબ ફાળકે લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે ..... 23
- વડાપ્રધાનશ્રીના સલાહકાર તરીકે શ્રી અમિત ખરેનો કાર્યકાળ લંબાયો ..... 25
- QUESTION ANSWERS ..... 26

**28 SEP.-2023**

- દિવસ મહિમા : 28 સપ્ટેમ્બર, વિશ્વ હડકવા દિવસ, માહિતીની સાર્વત્રિક પહોંચ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 27
- ભારતની પ્રથમ ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ ..... 28
- QUESTION ANSWERS ..... 30

**29 SEP.-2023**

- દિવસ મહિમા : 29 સપ્ટેમ્બર, વિશ્વ હૃદય દિવસ, આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ ..... 31
- શ્રી લિએન્ડર પેસ ઈન્ટરનેશનલ ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ ..... 32
- ઈન્ડિયા એજિંગ રિપોર્ટ 2023 (India Aging Report 2023) ..... 32
- ગુજરાતના વન વિભાગે કોનોકાર્પસ ઉછેરવા પર પ્રતિબંધ લગાવ્યો ..... 35
- QUESTION ANSWERS ..... 37

**30 SEP.-2023**

- દિવસ મહિમા : 30 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ ..... 38
- વર્લ્ડ કોફી કોન્ફરન્સ, 2023 (WCC) ..... 38
- ભારતમાં હરિયાળી ક્રાંતિના જનક ડો. સ્વામીનાથનનું 98 વર્ષની વયે નિધન ..... 39
- QUESTION ANSWERS ..... 42

**ONE LINER** ..... 43

**QUESTION OF THIS WEEK** ..... 49


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રસિડેન્ટ ઓફ ભારત : 'ભારત' અને 'ઈન્ડિયા' નામ ચર્ચા




તાજેતરમાં G20 સમિટ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સભ્ય દેશો અને મહેમાન દેશોના નેતાઓને સંબોધતા હતા ત્યારે તેમના ટેબલ પર રાખવામાં આવેલી વૂડન નેમપ્લેટ પર 'ઈન્ડિયા' નામને બદલે 'ભારત' લખ્યું હતું.

- તથા ભારત નામનો ઉપયોગ વિદેશી પ્રતિનિધિઓ માટે બનાવાયેલી G20 પુસ્તિકામાં પણ કરાયો હતો.
- આ ઉપરાંત G20 કાર્યક્રમ દરમિયાન ભારત મંડપમમાં આયોજિત ડિનર માટે ધ પ્રેસિડન્ટ ઓફ ભારત તરફથી નિમંત્રણ પત્ર મોકલવામાં આવ્યો હતો.

### 'ઈન્ડિયા' અને 'ભારત' નામોનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

ભારતીય બંધારણનો અનુચ્છેદ 1 પહેલાથી જ 'ઈન્ડિયા' અને 'ભારત' શબ્દોનો એકબીજાના બદલે ઉપયોગ કરે છે.

- આ ઉપરાંત ભારતીય બંધારણની પ્રસ્તાવના 'અમે ભારતના લોકો'થી શરૂ થાય છે.
- પરંતુ હિન્દી સંસ્કરણ ઈન્ડિયાને બદલે 'ભારત'નો ઉપયોગ કરે છે, જે વિનિમયક્ષમતા દર્શાવે છે.
- વધુમાં કેટલીક સંસ્થાઓ જેમ કે ભારતીય રેલવે પાસે પહેલેથી જ હિન્દી સંસ્કરણ ઉપલબ્ધ છે જેમાં 'ભારતીય'નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ભારતના બંધારણનો અનુચ્છેદ-1

ભારતીય બંધારણના અનુચ્છેદ 1(1) માં દર્શાવવામાં આવ્યું છે કે 'ઈન્ડિયા અર્થાત્ ભારત એ રાજ્યોનો બનેલો સંઘ રહેશે.' (India that is Bharat, Shall be Union States).

- આ અનુચ્છેદમાં આપણા દેશના નામ તરીકે 'ઈન્ડિયા' અને 'ભારત' એમ બે નામોનો ઉલ્લેખ છે.
- વિશ્વના દેશોમાં આપણા દેશની ઓળખ 'ઈન્ડિયા' તરીકે થતી હતી. આથી, આપણા દેશ માટે કયા નામનો ઉપયોગ કરવો તે માટે બંધારણ સભામાં મતભેદ ઊભો થતાં બંધારણ સભાએ બંને નામ સ્વીકાર્યા હતા.
- જોકે, ભારતનું ઔપચારિક (Formal) નામ 'ઈન્ડિયા' છે.
- આથી, સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ભારતનું નામાંકન 'ઈન્ડિયા'ના નામે થયું છે અને દેશના તમામ આંતરરાષ્ટ્રીય વ્યવહારો 'ઈન્ડિયા'ના નામે થાય છે.
- અનુચ્છેદ 1(1) અંતર્ગત વપરાયેલ શબ્દ 'સંઘ' (Union)નું પણ પોતાનું આગવું મહત્ત્વ છે.

## ભારત નામનો ઈતિહાસ

ભારત શબ્દના ઊંડા ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂળ છે.




- ભારત શબ્દ પૌરાણિક સાહિત્ય અને મહાકાવ્ય મહાભારતમાં શોધી શકાય છે.
- ભારત શબ્દની માહિતી પુરાણોમાં પણ જોવા મળે છે.
- વિષ્ણુપુરાણમાં 'ભારત'નું વર્ણન દક્ષિણ સમુદ્ર અને ઉત્તરીય બરફીલા હિમાલય પર્વતો વચ્ચેની જમીન તરીકે કરવામાં આવ્યું છે.
- તે માત્ર રાજકીય અથવા ભૌગોલિક અસ્તિત્વ કરતા ધાર્મિક અને સામાજિક–સાંસ્કૃતિક અસ્તિત્વનું પ્રતિક છે.
- વાયુપુરાણ અનુસાર દુષ્યંતના પુત્ર 'ભરત'ના નામ પરથી આપણા દેશનું નામ 'ભારત' પડ્યું છે.
- પ્રાચીન સમયમાં આર્યોનો વસવાટ ઉત્તર ભારતમાં હતો. જેના કારણે ભારતને 'આર્યાવર્ત' કહેવામાં આવે છે.
- ત્યારબાદ આર્યોની 'ભારત' નામની કોઈ એક શાખાના કારણે આ વિસ્તાર 'ભારતવર્ષ' કહેવાયો.
- ભારતવર્ષ શબ્દનો સૌપ્રથમ ઉલ્લેખ હાથી ગુફામાંથી મળે છે.
- આમ ઉપરોક્ત માહિતી પ્રમાણે 'ભારત' એક પ્રાચીન નામ છે.

## 'ઈન્ડિયા' નામનો પરિચય

વૈદિક સમયમાં આર્યોએ ઉત્તર અથવા પશ્ચિમ બાજુએ વહેતી નદીને 'સિંધુ' નામ આપ્યું હતું.

- સિંધુ નદીને યુનાનીઓએ 'ઈન્ડસ' નામ આપ્યું હતું.
- જ્યારે અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે તેમણે સિંધુ ખીણને ઈન્ડસ વેલી કહ્યું જેના પરથી દેશનું નામ **India** કરવામાં આવ્યું હતું.
- આવું માનવા પાછળ એક બાબત એ પણ છે કે ભારત કે હિન્દુસ્તાન બોલવામાં તેમને મુશ્કેલી પડતી હતી અને **India** બોલવું સરળ છે. આથી, ત્યારથી જ ભારતને **India** કહેવાની શરૂઆત થઈ.

## હિન્દુસ્તાન નામનું ઐતિહાસિક મહત્ત્વ

ભારતની એકતા અને અખંડિતતા દર્શાવતું નામ હિન્દુસ્તાન છે.

- એવું કહેવાય છે કે મધ્ય યુગમાં તુર્ક અને ઈરાનીઓએ ભારતમાં સિંધુ ખીણ તરફથી પ્રવેશ લીધો હતો.
- એ લોકો 'સ' અક્ષરનો ઉચ્ચાર 'હ' કરતા. આ રીતે સિંધુનું અપભ્રંશ થઈને હિન્દુ બન્યું જેના કારણે દેશનું નામ હિન્દુસ્તાન પડ્યું.

**નોંધ :** બંધારણ સભાની ચર્ચા દરમિયાન શ્રી હરગોવિંદ પંતે દલીલ કરી હતી કે લોકો 'ભારતવર્ષ' નામ ઈચ્છે છે અને વિદેશી શાસકો દ્વારા આપવામાં આવેલ 'ઈન્ડિયા' શબ્દને નકારી કાઢે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહિલા અનામત બિલ 2023 (Women's Reservation Bill, 2023)




તાજેતરમાં લોકસભા અને રાજ્યસભા બંનેમાં 'મહિલા અનામત બિલ, 2023' (128મો બંધારણીય સુધારા બિલ) પસાર કરવામાં આવ્યું હતું.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ મહિલા અનામત બિલ 2023ને 'નારી શક્તિ વંદન બિલ' નામ આપવામાં આવ્યું છે.
- આ બિલમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33% બેઠકો અનામત રાખવાનો પ્રસ્તાવ છે.
- બંને ગૃહમાં પસાર થયા બાદ આ બિલને રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિની મંજુરી બાદ ભારતના બંધારણમાં 106મો બંધારણીય સુધારો થયો છે.
- આ બિલ અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત બેઠકો પર પણ લાગુ થશે.

### બિલ લોકસભામાં

20 સપ્ટેમ્બર, 2023ના રોજ આ બિલ 454 વિરૂદ્ધ 2 મતોથી લોકસભામાંથી પસાર થયું હતું.

### બિલ રાજ્યસભામાં

લોકસભામાં આ બિલ પસાર થયા બાદ 21 સપ્ટેમ્બર, 2023ના રોજ 215 વિરૂદ્ધ શૂન્ય મતોથી રાજ્યસભામાંથી પણ પસાર થયું હતું.

### મહિલા અનામત બિલની પૃષ્ઠભૂમિ

વર્ષ 1996માં પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીના કાર્યકાળથી મહિલા અનામત બિલ પર ચર્ચા થઈ રહી છે.

- તત્કાલીન સરકાર પાસે ત્યારે બહુમતી ન હોવાથી બિલ મંજૂર થઈ શક્યું ન હતું.
- મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાના અન્ય પ્રયાસો નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| (a) | 1996 : | પ્રથમ મહિલા અનામત બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું. |
| (b) | 1998-2003 : | સરકારે 4 વખત ખરડો રજૂ કર્યો પરંતુ તે પસાર કરવામાં નિષ્ફળ રહી. |
| (c) | 2009 : | વિવિધ વિરોધ વચ્ચે સરકારે બિલ રજૂ કર્યું. |
| (d) | 2010 : | રાજ્યસભામાંથી પસાર પરંતુ લોકસભામાંથી પસાર ન થયું. |
| (e) | 2014 : | બિલ લોકસભામાં રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા હતી. |

### બિલની મુખ્ય વિશેષતાઓ

#### મહિલાઓ માટે આરક્ષણ

બિલ લોકસભા, રાજ્યની વિધાનસભાઓ અને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ નવી દિલ્હીની વિધાનસભામાં મહિલાઓ માટે એક તૃતીયાંશ (33%) બેઠક અનામત રાખે છે.

- તે લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં SC અને ST માટે અનામત બેઠકો પર પણ લાગુ થશે.

## અનામત અથવા આરક્ષણની શરૂઆત (નવો અનુચ્છેદ 334(A))

આ બિલ આવનારી વસતી ગણતરી બાદ અમલમાં આવશે.

- વસતી ગણતરીના આધારે મહિલાઓ માટે અનામત બેઠકો માટે સીમાંકન કરવામાં આવશે.
- અમલ થયા બાદ 15 વર્ષના સમયગાળા માટે અનામત આપવામાં આવશે.
- જોકે તે સંસદ દ્વારા નિર્ધારિત કાયદા દ્વારા નિર્ધારિત તારીખ સુધી ચાલુ રહેશે.

## બેઠકોનું પરિભ્રમણ

મહિલાઓ માટે અનામત બેઠકો દરેક સીમાંકન પછી ફેરવવામાં આવશે, જે સંસદ દ્વારા નિર્ધારિત કાયદા દ્વારા નક્કી કરવામાં આવશે.

## નીચલા ગૃહમાં મહિલાઓ માટે અનામત

આ બિલ બંધારણમાં અનુચ્છેદ 330A દાખલ કરવાની જોગવાઈ કરે છે, જે અનુચ્છેદ 330ની જોગવાઈઓમાંથી લેવામાં આવી છે.

- તે લોકસભામાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ માટે બેઠકોના આરક્ષણની જોગવાઈ કરે છે.
- બિલમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે મહિલાઓ માટે અનામત બેઠકો રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિવિધ મતવિસ્તારોમાં પરિભ્રમણ દ્વારા ફાળવી શકાય છે.
- અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકોમાં, આ બિલમાં મહિલાઓ માટે રોટેશનલના આધારે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની માંગ કરવામાં આવી છે.

## રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત

આ બિલ નવો અનુચ્છેદ 332A રજૂ કરે છે, જે દરેક રાજ્યની વિધાનસભામાં મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાની ફરજ પાડે છે.

- આ ઉપરાંત SC અને ST માટે અનામત બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે ફાળવવી જોઈએ અને વિધાનસભા માટે સીધા મતદાન દ્વારા ભરવામાં આવેલી કુલ બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકો પણ મહિલાઓ માટે અનામત હોવી જોઈએ.

## રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હીમાં મહિલાઓ માટે અનામત (અનુચ્છેદ 239AAમાં નવો ખંડ)

બંધારણનો અનુચ્છેદ 239AA કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીને તેના વહીવટી અને કાયદાકીય કાર્યોના સંદર્ભમાં રાષ્ટ્રીય રાજધાની તરીકે વિશેષ દરજ્જો આપે છે.

- આ બિલ દ્વારા <u>અનુચ્છેદ 239AA(2)(b)</u>માં તે મુજબ સુધારો કર્યો અને ઉમેર્યુ કે સંસદ દ્વારા બનાવેલા કાયદાઓ દિલ્હીના રાષ્ટ્રીય રાજધાની પ્રદેશને લાગુ પડશે.

## નવા સીમાંકન પછી બિલ લાગુ થવાની શક્યતાઓ

આ બિલમાં એવી જોગવાઈ કરાઈ છે કે તેની જોગવાઈઓ નવા ડીલિમિટેશન પછી એટલે કે નવા સીમાંકન પછી જ લાગુ પડશે.

- જે નવી વસતી ગણતરીને આધીન રહેશે. હવે 2024ની ચૂંટણી પહેલા નવી વસતી ગણતરી કે નવું સીમાંકન લગભગ સંભવ નથી.
- આથી, નવી વસતી ગણતરી પછી 2027માં નવું સીમાંકન થઈ શકે છે.
- તે પછી 2029માં લોકસભા ચૂંટણી વખતે કે તે પહેલા કેટલીક વિધાનસભા ચૂંટણી વખતે તે લાગુ પડી શકે છે.

નોંધ : (1) આ બિલ કાયદો બન્યા પછી 543 સભ્યો ધરાવતી લોકસભામાં મહિલાઓની સંખ્યા હાલ 82 પરથી વધીને 181 થશે.

(2) નવા સીમાંકન પછી લોકસભાની બેઠકોમાં વધારો થશે આથી, મહિલા અનામતની બેઠક પણ વધશે.

(3) ગુજરાત વિધાનસભામાં કુલ 182 બેઠકમાંથી હાલ 15 મહિલા ધારાસભ્ય છે જે કાયદો બન્યા પછી 60ની સંખ્યા થશે. જો કે નવા સિમાંકન પછી તેમાં પણ વધારો થશે.

(4) મહિલાઓનું રાજકીય પ્રતિનિધિત્વ ધરાવતા દેશોમાં સોથી વધુ સ્વીડન (48%), નોર્વે (46%), દક્ષિણ આફ્રિકા (45%), ઓસ્ટ્રેલિયા (38%), અને ફ્રાન્સનો (38%) સમાવેશ થાય છે.

(5) આ સાથે 'નારી શક્તિ વંદન બિલ' નવી સંસદ ભવનમાં કાયદો બનનાર પ્રથમ બિલ બન્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 106મો બંધારણીય સુધારો કે 128મો બંધારણીય સુધારો ???

કેટલાક નવા વિદ્યાર્થીઓને અહીં પ્રશ્ન થાય કે 'બંધારણ (128મું સંશોધન) બિલ, 2023' અથવા 'મહિલા અનામત બિલ, 2023'ને મંજૂરી મળ્યા બાદ 128મો સુધારો ન થાય ? તો તેનો જવાબ એ છે કે ભારતના બંધારણમાં સંશોધન માટે ભારતની સંસદમાં અત્યાર સુધીમાં 128 બિલ રજૂ થયા છે. તેમાંથી કેટલાક બિલને મંજૂરી મળી છે, કેટલાકને મંજૂરી મળી નથી.

- આથી, જો બિલને મંજૂરી મળે તો જ બંધારણમાં સુધારો થાય આ રીતે ભારતના બંધારણમાં અત્યાર સુધીમાં 105 સુધારા થયા છે.
- હવે આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ બંધારણમાં 106મો સુધારો થયો છે.

1. 'ભારત વર્ષ' શબ્દનો સૌપ્રથમ ઉલ્લેખ કયાંથી મળી આવે છે ?

(A) અજંતાની ગુફા (B) સારનાથનો શિલાલેખ

(C) હાથી ગુફા (D) પ્રયાગ પ્રશસ્તિ

**(C)**

3. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે 'ઈન્ડિયા અર્થાત્ ભારત એ રાજ્યોનો બનેલો સંઘ રહેશે ?

(A) અનુચ્છેદ 1 (B) અનુચ્છેદ 3 (C) અનુચ્છેદ 13 (D) અનુચ્છેદ 32

**(A)**

3. તાજેતરમાં 'મહિલા અનામત બિલ 2023' (Women's Reservation Bill, 2023) રાજ્યસભા અને લોકસભામાંથી પસાર થયું હતું. આ બિલમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે કેટલી બેઠકો અનામત રાખવાનો પ્રસ્તાવ છે ?

(A) 8% (B) 15% (C) 33% (D) 37%

**(C)**

4. 'મહિલા અનામત બિલ, 2023' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલને 'નારી શક્તિ વંદન બિલ' નામ આપવામાં આવ્યું છે.
2. આ બિલ લોકસભા, રાજ્યની વિધાનસભાઓ અને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ નવી દિલ્હીની વિધાનસભામાં મહિલાઓ માટે એક તૃતીયાંશ (33%) બેઠક અનામત રાખે છે.
3. આ બિલમાં દર્શાવ્યા મુજબ 15 વર્ષના સમયગાળા માટે આ અનામત આપવામાં આવશે.
4. આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી બાદ ભારતનાં બંધારણમાં 107મો બંધારણીય સુધારો થયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 1 અને 2 (D) 1, 2, 3 અને 4

**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 સપ્ટેમ્બર, અંત્યોદય દિવસ



પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મ જયંતિ નિમિત્તે દર વર્ષે 25 સપ્ટેમ્બરને ભારતમાં 'અંત્યોદય દિવસ' (Antyodaya Divas) તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસ ભારત સરકાર દ્વારા 25 સપ્ટેમ્બર, 2014ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો અને વર્ષ 2015 થી સત્તાવાર રીતે ઉજવવામાં આવે છે.
- દેશના રાષ્ટ્રવાદી ચળવળના મહાન વિચારકોમાંના એક શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાયનો જન્મ 25 સપ્ટેમ્બર, 1916ના રોજ ઉત્તરપ્રદેશ રાજ્યના મથુરા જિલ્લાના નાગલા ચંદ્રભાન ગામમાં થયો હતો.
- પંડિત દીનદયાળ ઉપાધ્યાય એક તત્વજ્ઞાની, સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રી અને રાજકીય નેતા હતા.
- તેમના દ્વારા પ્રસ્તુત ફિલસૂફિને 'એકાત્મક માનવતાવાદ' (Integral Humanism) કહેવામાં આવે છે. જેનો ઉદ્દેશ 'સ્વદેશી સામાજિક–આર્થિક મોડેલ' રજૂ કરવાનો હતો જેમાં માનવી વિકાસના કેન્દ્રમાં છે.
- વર્ષ 1942માં તેઓ 'રાષ્ટ્રીય સ્વયં સંઘ' (RSS)માં પૂર્ણ–સમયના કાર્યકર તરીકે જોડાયા હતા.
- તેમણે 'રાષ્ટ્ર ધર્મ' નામનું માસિક મેગઝિન શરૂ કર્યુ હતું. જેનો ઉદ્દેશ હિન્દુત્વ રાષ્ટ્રવાદની વિચારધારાને ફેલાવવાનો હતો. આ ઉપરાંત તેઓએ પંચજન્ય અને સ્વદેશ જેવા સામયિકો પણ શરૂ કર્યા હતા.
- વર્ષ 1967માં તેઓ જનસંઘના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

### પંડિત દીનદયાલ ઉપાધ્યાયની 72 ફૂટ ઊંચી પ્રતિમા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 25 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીમાં ભાજપ મુખ્યાલયની સામે બનેલા પાર્કમાં શ્રી પંડિત દીનદયાલ ઉપાધ્યાયની 72 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતમાં સૌરાષ્ટ્રનો પ્રસિદ્ધ તરણેતરનો મેળો

તાજેતરમાં સુરેન્દ્રનગરના થાનગઢમાં પ્રસિદ્ધ તરણેતરનો મેળો યોજાયો હતો.

- વર્ષ 2023માં વહીવટી તંત્ર દ્વારા 18 થી 21 સપ્ટેમ્બર, 2023 દરમિયાન આ મેળાનું આયોજન કર્યુ હતું.

નોંધ : (1) સામાન્ય રીતે ત્રીજ, ચોથ અને પાંચમ એમ ત્રણ દિવસ આ મેળો યોજાય છે. તથા વહીવટી તંત્ર આ આયોજન નક્કી કરે છે.

(2) પરંતુ ગુજરાત સરકારની મહત્ત્વની બૂકો તથા મેળા સંબંધિત અન્ય માહિતી મુજબ ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છટ્ઠના દિવસે મેળો ભરાય છે.

## તરણેતરનો મેળો

- ગુજરાતમાં **સુરેન્દ્રનગર** જિલ્લાના **થાન** અથવા તો **થાનગઢ** પાસે આવેલા **તરણેતર**માં દર વર્ષે સામાન્ય રીતે **ભાદરવા સુદ ચોથ**, **પાંચમ** અને **છઠના** રોજ મેળો ભરાય છે.
- તરણેતરના આ મેળાનો સૌરાષ્ટ્રના સૌથી મહત્ત્વના ત્રણ મેળામાં સમાવેશ થાય છે.

## સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ત્રણ મેળા

ગુજરાતમાં સૌરાષ્ટ્રના સૌથી વધુ પ્રસિદ્ધ અને સૌથી વધુ મહત્ત્વના ત્રણ મેળાઓમાં નીચેના મેળાઓનો સમાવેશ થાય છે :

(1) **ભવનાથનો શિવરાત્રીનો મેળો**

(2) **ઘેડ પ્રદેશમાં માધવપુરનો મેળો અને**

(3) **પાંચાળનો તરણેતરનો મેળો**

- આ ત્રણ મેળાઓમાંથી તરણેતરનો મેળો **'રંગનો મેળો'**, માધવપુરનો મેળો **'રૂપનો મેળો'** અને ભવનાથનો મેળો **'ભક્તિના મેળા'** તરીકે પ્રસિદ્ધ છે.

## તરણેતરના મેળાની વિશેષતા

તરણેતરનો મેળો યૌવન, રંગ, રૂપ, મસ્તી, લોકગીત, દૂહા અને લોકનૃત્યનો મેળો છે. તરણેતરનાં મેળાની મુખ્ય ત્રણ વિશેષતાઓ આ પ્રમાણે છે :

(1) આ મેળાની રાવટીઓમાં વહેલી રાતથી માંડીને સવાર સુધી ચાલતી ભજનની લહેર.

(2) સામસામા બોલાતા દૂહા

(3) 200-200 ભાઈ–બહેનોના એક સાથે લેવાતા **હૂડા અને હાજા રાસ.**

આ ઉપરાંત આ મેળાની અન્ય વિશેષતાઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

- ગ્રામ્ય રમતોત્સવનું આયોજન.
- પશુ પ્રદર્શન અને હરિફાઈ
- આ મેળામાં અગાઉ શણગાર સજીને આવતા બળદગાડા, આગવા પોશાક તથા પહેરવેશમાં સજ્જ થઈને આવતા વિવિધ જ્ઞાતિના લોકો વગેરેનું વિશિષ્ટ આકર્ષણ હતું.
- આ મેળામાં અગાઉ સૌરાષ્ટ્રની ભાતીગળ લોકસંસ્કૃતિનો સમૂહ અહીં ભેગો થતો હતો. જેમાં ખાસ કરીને માલધારી સમાજ, મોટાભાઈ ભરવાડ, નાનાભાઈ ભરવાડ, રબારી સમાજ, તળપદા કોળી સમાજ, ચુવાળિયા ઠાકોર સમાજ ઉપરાંત ક્ષત્રિય સમાજમાંથી ગરાસીયા દરબારો, કાઠી દરબારો આવતા. આ ઉપરાંત અહીં અન્ય જ્ઞાતિના લોકો પણ આનંદ અને ઉલ્લાસથી આ મેળામાં સહભાગી થતા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ મેળામાં **તરણેતર**માં આવેલા **ત્રિનેત્રેશ્વર મહાદેવ**ના મંદિર પાસે ત્રણ કુંડમાં **ઋષિ પંચમી**ને દિવસે લોકો પોતાના મૃત્યુ પામેલા સ્વજનોના અસ્થિ પધરાવી, કુંડમાં નાહીને ગંગામાં નાહયાનું પુણ્ય માને છે.
- આ મેળામાં **ઋષિ પંચમી**ને દિવસે **પાળિયાદ**ના મહંત **શ્રી વિમાસણ બાપુ**ની યાદમાં **ત્રિનેત્રેશ્વર મંદિર** પર **પાળિયાદ**ની **બાવન ગજની ધજા** ચડે છે. તેનું પણ વિશેષ આકર્ષણ છે.

## તરણેતર મંદિરનો ઈતિહાસ

તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર વિશે અનેક લોકવાયકાઓ છે. જેમ કે,

(1) અયોધ્યાના **સૂર્યવંશી રાજા શ્રી યુવનાશ્વ**ના પુત્ર **શ્રી માંધાતા**એ આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

(2) તરણેતરનો પ્રદેશ **પાંચાળ પ્રદેશ** તરીકે ઓળખાય છે. મહાભારત સમયે દ્રુપદ નગરી પાંચાળમાં હતી. મહાભારતની કથા અનુસાર મહારાજા દ્રુપદની પુત્રી **દ્રૌપદીનો સ્વયંવર** તરણેતરમાં યોજાયો હતો. અને અત્યારે આ સ્થળ ઉપર જે કુંડ આવેલો છે, તેમાં અર્જુન દ્વારા **મત્સ્યવેધ** થયો હતો. આમ, આ રીતે આ સ્થળ સાથે **દ્રૌપદીનાં વિવાહ**નો પ્રસંગ જોડાયેલો છે.

(3) અહીં ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર ફરતે ત્રણ કુંડ આવેલા છે. આ કુંડ **બ્રહ્મકુંડ**, **વિષ્ણુકુંડ** અને **શિવકુંડ** તરીકે ઓળખાય છે. આ કુંડમાં **પાંચ ઋષિઓ**એ ભેગા થઈને ગંગાજીના અવતરણ માટે આહવાન કરીને અહીં **ગંગાજીનું પ્રાગટ્ય** કર્યું હતું. આથી,ગંગાજીના અવતરણને નિમિત્ત બનાવી અહીં લોકો **ઋષિ પંચમી**ને દિવસે પોતાના મૃત્યુ પામેલા સ્વજનોની તૃપ્તિ માટે આ કુંડમાં સ્નાન કરે છે.

(4) આ મંદિરની શૈલી **ગુર્જર પ્રતિહાર** પ્રકારની હોવાથી સંશોધનકારોના મતે **દસમી સદી**માં **પ્રતિહાર રાજાઓ** દ્વારા આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હોવાનું માનવામાં આવે છે.

(5) તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર **ઓગસ્ટ, 1902**માં **લખતર**ના રાજવી **શ્રી કરણસિંહજી**એ તેમના પુત્રી **કરણબા**ના સ્મરણાર્થે કરાવ્યો હતો.

(6) આ મંદિરમાં **બે શિવલિંગ** સ્થાપિત છે. જાણકારોના મતે મોટું શિવલિંગ પ્રાચીન છે. અને તેની બાજુમાં આવેલા પ્રમાણમાં નાના શિવલિંગની પ્રતિષ્ઠા **શ્રી કરણસિંહજી**એ મંદિરના જીર્ણોદ્ધાર સમયે કરી હતી.

**નોંધ :** (1) તરણેતર ગામનું સાચું નામ 'ત્રિનેત્રેશ્વર' હતું. તેનું અપભ્રંશ થતાં આ ગામ હાલ તરણેતર તરીકે ઓળખાય છે.

(2) ગુજરાતનું તરણેતર અથવા તો થાનગઢ વાસુકી નાગની ભૂમિ તરીકે પણ ઓળખાય છે.

## ભાદરવા સુદ પાંચમ, ઋષિ પંચમી



ભારતમાં દર વર્ષે ભાદરવા સુદ પાંચમ 'ઋષિ પાંચમ' અથવા તો 'ઋષિ પંચમી' તરીકે ઉજવાય છે.

- ઋષિ પંચમીના દિવસે સપ્ત ઋષિઓ પ્રત્યે શ્રદ્ધા ભાવ વ્યક્ત કરવામાં આવે છે.
- ભારતના પ્રસિદ્ધ સપ્ત ઋષિઓમાં (1) કશ્યપ, (2) અત્રિ, (3) ભારદ્વાજ, (4) વિશ્વામિત્ર, (5) ગૌતમ, (6) જમદગ્નિ અને (7) વશિષ્ઠ ઋષિઓનો સમાવેશ થાય છે.
- ઋષિ પંચમીની ઉજવણી ગણેશ ચતુર્થીના પછીના દિવસે કરવામાં આવે છે.

## બીમા સુગમ (BIMA Sugam)




તાજેતરમાં **IRDAI**એ તેના મહત્વાકાંક્ષી 'બીમા સુગમ' ઓનલાઈન પ્લેટફોર્મની રચના માટે સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા તરીકે કાર્ય કરવા માટે એક સ્ટીયરિંગ કમિટી (સંચાલન સમિતિ)ની રચના કરી છે.

- IRDAIના જણાવ્યા મુજબ બીમા સુગમ એ ઈલેક્ટ્રોનિક માર્કેટપ્લેસ પ્રોટોકોલ છે જે ભારતમાં વીમાને સાર્વત્રિક બનાવશે.
- આ પ્રોટોકોલ ઈન્ડિયા સ્ટેક સાથે લિંક કરવામાં આવશે.

### બીમા સુગમ

આ એક ઓનલાઈન પ્લેટફોર્મ છે જ્યાં ગ્રાહકો વિવિધ કંપનીઓ દ્વારા પ્રસ્તુત વિવિધ વિકલ્પોમાંથી યોગ્ય પ્લાન પસંદ કરી શકે છે.

- બીમા સુગમ જીવન, સ્વાસ્થ્ય અને સામાન્ય વીમો (મોટર અને મુસાફરી સહિત) સહિતની તમામ વીમા જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે.
- તે પોલિસીની ખરીદીથી નવીકરણ, દાવાની પતાવટ અને એજન્ટ તથા પોલિસી પોર્ટેબિલિટી સુધી વીમા બજારને સરળ અને ડિજિટાઈઝ કરશે.
- તેનાથી ગ્રાહકોની વીમા સંબંધિત તમામ સમસ્યાઓનું નિરાકરણ આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સૂચિત પ્લેટફોર્મ પોલિસીધારકો માટે તેમના વીમા કવરેજનું સંચાલન કરવા માટે સિંગલ વિન્ડો તરીકે કાર્ય કરશે.
- તે ગ્રાહકોને એન્ડ–ટુ–એન્ડ વીમા પ્રાપ્તિ, સર્વિસિંગ અને સેટલમેન્ટ સોલ્યુશન્સ પ્રદાન કરશે.
- તેનાથી વીમા કંપનીઓ માટે વિવિધ ટચ પોઈન્ટ્સથી ચકાસાયેલ અને પ્રમાણિત ડેટાની રીઅલ ટાઈમ એક્સેસ મેળવવાનું સરળ બનશે.
- આ પ્લેટફોર્મ પોલિસી વેંચવા અને પોલિસી ધારકોને સેવાઓ પૂરી પાડવા અને પેપરવર્ક ઘટાડવા માટે મધ્યસ્થીઓ અને એજન્ટો સાથે ઈન્ટરફેસ કરશે.
- જીવન વીમા અને સામાન્ય વીમા કંપનીઓ બીમા સુગમ પ્લેટફોર્મમા 47.5% હિસ્સો ધરાવે છે, જ્યારે બ્રોકર અને એજન્ટ સંસ્થાઓ 2.5% હિસ્સો ધરાવે છે.

### IRDAI

IRDAIનું પૂરું નામ 'ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' છે.

- IRDAI એ એક નિયમનકારી સંસ્થા છે.
- જેની સ્થાપના વર્ષ 1999માં વીમા ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી.
- તે IRDAI એક્ટ, 1999 હેઠળ એક વૈધાનિક સંસ્થા છે અને નાણા મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
- તે વીમા સંબંધિત પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરીને વીમા ઉદ્યોગના વિકાસને નિયંત્રિત અને નિયમન કરે છે.
- IRDAI એક્ટ, 1999 અને વીમા અધિનિયમ, 1938માં સત્તાધિકારની સત્તાઓ અને કાર્યો નિર્ધારિત કરે છે.

## વારાણસીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ બનાવવામાં આવશે

23 સપ્ટેમ્બર, 2023ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસી જિલ્લાના ગંજરીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કર્યો હતો.



- આ આધુનિક આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ વારાણસીમાં ગંજરી, રાજતલબ ખાતે લગભગ 450 કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવશે.
- આ સ્ટેડિયમ 30 એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું હશે.
- આ સ્ટેડિયમનું આર્કિટેક્ચર ભગવાન શિવ દ્વારા પ્રેરિત છે.
- જેમાં અર્ધચંદ્રકાર આકારની છત, ત્રિશૂળ આકારની લાઈટ, ઘાટની સીડી પર આધારિત બેઠક વ્યવસ્થા અને અગ્રભાગ પર બીલીપત્ર આકારની ધાતુની ચાદરની ડિઝાઈન વિકસાવવામાં આવી છે.
- આ સ્ટેડિયમની ક્ષમતા 30,000 દર્શકોની હશે.

નોંધ : (1) સ્ટેડિયમનો શિલાન્યાસ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વારાણસીમાં રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર ખાતે ઉત્તર પ્રદેશની 16 અટલ રેસિડેન્સિયલ સ્કૂલનું પણ વડાપ્રધાનશ્રી દ્વારા ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

(2) આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'કાશી સંસદ સાંસ્કૃતિક મહોત્સવ 2023' હેઠળ વિજેતાઓને પુરસ્કાર પણ આપ્યા હતા.

## આંતરરાષ્ટ્રીય વકીલ પરિષદ 2023




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીમાં અભૂતપૂર્વ 'આંતરરાષ્ટ્રીય વકીલ પરિષદ 2023'નું ઉદ્દઘાટન કર્યુ હતું.

- આંતરરાષ્ટ્રીય વકીલ પરિષદ અથવા ઈન્ટરનેશનલ લોયર્સ કોન્ફરન્સ એ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત એક ઐતિહાસિક ઈવેન્ટ છે. દેશમાં પ્રથમ વખત આવી પહેલ કરવામાં આવી છે.
- આ સંમેલનની કેન્દ્રીય થીમ 'ઈમર્જિંગ ચેલેન્જીસ ઈન ધ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ' છે.
- આ કોન્ફરન્સ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વની વિવિધ કાયદાકીય બાબતો પર વ્યવહારિક ચર્ચાઓ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થયું છે.
- તેનો ઉદ્દેશ્ય વિચારો, અનુભવના આદાન–પ્રદાનને સરળ બનાવવા અને કાનૂની બાબતો પર આંતરરાષ્ટ્રીય સહકાર અને સમજણને પ્રોત્સાહન આપવાનો છે.
- કોન્ફરન્સ દરમિયાન અન્વેષણ કરાયેલા કેટલાક મુખ્ય વિષયોમાં ઉભરતા કાનૂની વલણો, ક્રોસબોર્ડર લિટીગેશનમાં પડકારો, કાનૂની તકનીક, પર્યાવરણીય કાયદો અને અન્યનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં કયા દિવસના રોજ 'અંત્યોદય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 24 સપ્ટેમ્બર (B) 25 સપ્ટેમ્બર (C) 26 સપ્ટેમ્બર (D) 27 સપ્ટેમ્બર **(B)**

2. ભારતમાં કોનો જન્મ દિવસ 'અંત્યોદય દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) પંડિત દીનદયાળ ઉપાધ્યાય (B) શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજી

(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી લાલા લજપતરાયજી **(A)**

3. ગુજરાતના તરણેતર ખાતે દર વર્ષે સામાન્ય રીતે કયા દિવસે મેળો ભરાય છે ?

(A) ભાદરવા સુદ ત્રીજ, ચોથ, પાંચમ (B) ભાદરવા વદ ત્રીજ, ચોથ, પાંચમ

(C) ભાદરવા સુદ ચોથ, પાંચમ, છઠ (D) ભાદરવા વદ ચોથ, પાંચમ, છઠ **(C)**

4. ગુજરાતમાં તરણેતર ખાતે ભાદરવા સુદ ચોથ, પાંચમ, છઠના રોજ પ્રસિદ્ધ મેળો ભરાય છે.....આ તરણેતર કયાં આવેલું છે ?

(A) માધવપુર નજીક (B) સાયલા નજીક

(C) વઢવાણ નજીક (D) થાનગઢ નજીક **(D)**

5. ગુજરાતનો કયો મેળો ભક્તિના મેળા તરીકે પ્રસિદ્ધ છે ?

(A) વૌઠાનો મેળો (B) તરણેતરનો મેળો (C) ભવનાથનો મેળો (D) માધવપુરનો મેળો **(C)**

6. ગુજરાતનો કયો મેળો રાવટીઓમાં ગવાતા ભજન અને સામસામા બોલાતા દૂહા માટે પ્રસિદ્ધ છે ?

(A) ચિત્ર–વિચિત્રનો મેળો (B) ભવનાથનો મેળો (C) તરણેતરનો મેળો (D) અંબાજીનો મેળો **(C)**

7. ગુજરાતમાં હાલ તરણેતર ખાતે જ્યાં મેળો ભરાય છે એ ગામનું નામ અપભ્રંશ થતા તરણેતર થઈ ગયું છે.... તરણેતરનું સાચું નામ શું હતું ?

(A) ત્રિનેત્ર (B) તૈણેતર (C) ત્રિનેશ્વર (D) ત્રણનેતર **(C)**

8. ગુજરાતમાં તરણેતર ખાતે કયા મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે ?

(A) ત્રિનેત્ર મહાદેવ (B) ત્રિનેશ્વર મહાદેવ (C) પંચનાથ મહાદેવ (D) ગોપનાથ મહાદેવ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**9.** ગુજરાતમાં તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેશ્વર મહાદેવના મંદિર પર દર વર્ષે ભાદરવા સુદ પાંચમના રોજ કયા ગામની બાવન ગજની ધજા ચડે છે ?

(A) તરણેતર (B) થાનગઢ (C) બગદાણા (D) પાળિયાદ **(D)**

**10.** સંશોધકોના મતે તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેશ્વર મહાદેવ મંદિરની શૈલી કયા પ્રકારની છે ?

(A) મારુ ગુર્જર (B) ગુર્જર પ્રતિહાર (C) સોલંકી (D) ચોલ **(B)**

**11.** તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર કયાંના રાજવીએ કરાવ્યો હતો ?

(A) થાનગઢ (B) ધ્રાંગધ્રા (C) જામનગર (D) લખતર **(D)**

**12.** તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર લખતરના કયા રાજવીએ કરાવ્યો હતો ?

(A) શ્રી બલવીર સિંહજી (B) શ્રી ઈન્દ્ર સિંહજી (C) શ્રી કરણ સિંહજી (D) શ્રી પ્રતિપાલસિંહજી **(C)**

**13.** ગુજરાતનો કયો પ્રદેશ 'વાસુકી નાગની ભૂમિ' તરીકે ઓળખાય છે ?

(A) જૂનાગઢ (B) દેવભૂમિ દ્વારકા (C) સોમનાથ (D) તરણેતર **(D)**

**14.** ગુજરાતનો કયો પ્રદેશ 'પાંચાળ પ્રદેશ' તરીકે ઓળખાય છે ?

(A) ભાલકાતીર્થ (B) બેટ દ્વારકા (C) દેવભૂમિ દ્વારકા (D) તરણેતર **(D)**

**15.** ભારતમાં દર વર્ષે કઈ પાંચમ 'ઋષિ પંચમી' તરીકે ઉજવાય છે ?

(A) શ્રાવણ વદ પાંચમ (B) શ્રાવણ સુદ પાંચમ

(C) ભાદરવા વદ પાંચમ (D) ભાદરવા સુદ પાંચમ **(D)**

**16.** ભારતના પ્રસિદ્ધ સપ્ત ઋષિઓમાં અથવા તો પ્રસિદ્ધ સપ્તર્ષિમાં નીચેનામાંથી કયા ઋષિનો સમાવેશ થતો નથી ?

(A) મહર્ષિ વાલ્મિકી (B) મહર્ષિ વશિષ્ઠ (C) મહર્ષિ વિશ્વામિત્ર (D) મહર્ષિ ભારદ્વાજ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**18.** તાજેતરમાં IRDAIએ 'બીમા સુગમ' ઓનલાઈન પ્લેટફોર્મની રચના માટે સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા તરીકે કાર્ય કરવા માટે એક સ્ટીયરિંગ કમિટીની રચના કરી છે. આ 'બીમા સુગમ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક ઓનલાઈન પ્લેટફોર્મ છે જ્યાં ગ્રાહકો વિવિધ વીમા કંપનીઓ દ્વારા પ્રસ્તુત વિવિધ વિકલ્પોમાંથી યોગ્ય પ્લાન પસંદ કરી શકે છે.
2. તે જીવન, સ્વાસ્થ્ય અને સામાન્ય વીમો સહિતની તમામ વીમા જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે.
3. જીવન વીમા અને સામાન્ય વીમા કંપનીઓ બીમા સુગમ પ્લેટફોર્મમાં 47.5% હિસ્સો ધરાવે છે. જ્યારે એજન્ટ સંસ્થાઓ 2.5% હિસ્સો ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

**(D)**

**19.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા શહેરમાં ભગવાન શિવની થીમ આધારિત ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કર્યો હતો ?

(A) ઉજ્જૈન (B) વારાણસી

(C) પ્રયાગરાજ (D) હરિદ્વાર

**(B)**

**20.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે 'આંતરરાષ્ટ્રીય વકીલ પરિષદ 2023'નું આયોજન કર્યુ હતું ?

(A) મુંબઈ (B) અમદાવાદ (C) દિલ્હી (D) ગુરુગ્રામ

**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 26 સપ્ટેમ્બર, પરમાણુ શસ્ત્રોની નાબૂદિ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 26 સપ્ટેમ્બરના રોજ 'પરમાણુ શસ્ત્રોની નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ પરમાણુ શસ્ત્રોની મહાવિનાશક અને ભયાવહ અસરથી માનવજાતિને બચાવવાનો છે.
- આથી, આ દિવસની ઉજવણી અંતર્ગત સમગ્ર વિશ્વમાં પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટે જાગૃતિ કેળવવામાં આવે છે.
- સમગ્ર વિશ્વમાંથી પરમાણુ શસ્ત્રોની નાબૂદી માટે 26 સપ્ટેમ્બર, 2013ના અમેરિકાના ન્યૂયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીની હાઈલેવલની મીટિંગનું આયોજન થયું હતું.
- આથી, આ મીટિંગની સ્મૃતિમાં દર વર્ષે 26 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ડિસેમ્બર, 2013 દરમિયાન આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ મંજૂરી બાદ વર્ષ 2014થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત અને સિંગાપોર વચ્ચે નૌસેના અભ્યાસ SIMBEX-2023નું આયોજન




ભારતીય નૌકાદળના જહાજો રણવિજય અને કવારત્તી તથા સબમરીન INS સિંધકેસરી 'સિંગાપોર ઈન્ડિયા મેરીટાઈમ દ્વિપક્ષીય અભ્યાસ' (SIMBEX)ની 30મી આવૃત્તિમાં ભાગ લેવા માટે સિંગાપોર પહોંચ્યા હતા.

- આ અભ્યાસ અથવા કવાયતમાં નૌકાદળના જહાજો ઉપરાંત લાંબા અંતરના દરિયાઈ પેટ્રોલિંગ એરક્રાફ્ટ P8Iએ પણ ભાગ લીધો હતો.
- આ અભ્યાસના બંદર (હાર્બર) તબક્કામાં વ્યાવસાયિક ક્રિયાપ્રતિક્રિયાઓ, ક્રોસ–ડેક મુલાકાતો, સબ્જેક્ટ મેટર એક્સપોર્ટ એક્સચેન્જ (SMEE) અને સ્પોર્ટ્સ ફિક્ચરની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે.
- જેનો ઉદ્દેશ્ય બંને નૌકાદળો વચ્ચે આંતરસંચાલન ક્ષમતા અને પરસ્પર સમજણ વધારવાનો છે.

- SIMBEX 23ના સમુદ્ર તબક્કામાં જટિલ અને અદ્યતન હવાઈ સંરક્ષણ કવાયતો, તોપગોળા ફાયરિંગ, વ્યૂહાત્મક દાવપેચ, સબમરીન વિરોધી કવાયતો અને અન્ય દરિયાઈ કામગીરીનો સમાવેશ થાય છે.

નોંધ : આ કવાયત વર્ષ 1994થી આયોજિત કરવામાં આવી રહી છે. અને ભારતીય નૌકાદળ દ્વારા અન્ય કોઈપણ દેશ સાથે આયોજિત સૌથી લાંબી નૌકા કવાયત હોવાનું ગૌરવ ધરાવે છે.

## ભારત, ઈન્ડોનેશિયા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ ત્રિપક્ષીય દરિયાઈ અભ્યાસ



ભારતીય નૌકાદળનું યુદ્ધ જહાજ INS સહ્યાદ્રીએ 20-21 સપ્ટેમ્બર, 2023 દરમિયાન રોયલ ઓસ્ટ્રેલિયન નેવી (RAN) અને ઈન્ડોનેશિયન નેવી સાથે આયોજિત પ્રથમ ત્રિપક્ષીય દરિયાઈ ભાગીદારી કવાયતમાં ભાગ લીધો હતો.

- આ કવાયતથી ભાગીદારીને મજબૂત કરવા અને સ્થિર, શાંતિપૂર્ણ અને સુરક્ષિત ઈન્ડો–પેસિફિક ક્ષેત્રને સમર્થન આપવા માટે ત્રણેય દેશોની સામૂહિક ક્ષમતામાં સુધારો થયો છે.
- આ કવાયતમાં સહભાગી નૌકાદળને એકબીજાના અનુભવ અને કુશળતાનો લાભ લેવાની તક પણ મળી હતી.
- કવાયત દરમિયાન અવિભાજ્ય હેલિકોપ્ટરની ક્રોસ–ડેક મુલાકાતો અને ક્રોસ–ડેક લેન્ડિંગ તેમજ જટિલ વ્યૂહાત્મક અને દાવપેચની કવાયત હાથ ધરવામાં આવી હતી.
- આ પ્રવૃતિઓ ક્રૂને તાલીમ આપવા અને સહભાગી નૌકાદળો વચ્ચે આંતરકાર્યક્ષમતા સુધારવા માટે ડિઝાઈન કરવામાં આવી હતી.

નોંધ : INS સહ્યાદ્રી મલ્ટીરોલ સ્ટીલ્થ ફ્રિગેટ્સના પ્રોજેક્ટ 17 વર્ગનું ત્રીજું જહાજ છે, તેને મંઝગાઉ ડોક લિમિટેડ, મુંબઈ ખાતે બનાવવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## AMCની સ્વચ્છતા ટ્રેન પહેલ



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)એ અમદાવાદ શહેરમાં કચરાના વ્યવસ્થાપન અંગે જાગૃતિ લાવવા માટે સ્વચ્છતા પખવાડા 2023 હેઠળ એક અનોખી યાત્રા શરૂ કરી છે.

- તેમનો સર્જનાત્મક અભિગમ 'સ્વચ્છતા ટ્રેન પહેલ' તરીકે ઓળખાય છે.
- જેનો હેતુ અમદાવાદમાં સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપનની સંસ્કૃતિ સ્થાપિત કરવાનો છે.
- સ્વચ્છતા ટ્રેન કાંકરિયા લેક ફ્રન્ટની આહલાદક અને શૈક્ષણિક સફર પ્રદાન કરે છે.

- આ ટ્રેનમાં મુસાફરો કચરાના વ્યવસ્થાપન પર આકર્ષક પ્રદર્શનો અને પ્રસ્તુતિઓ સાથે માહિતપ્રદ મુસાફરીનો અનુભવ કરે છે.
- સ્વચ્છતા ટ્રેન પહેલના સૌથી નવીન પાસાઓ પૈકી એક ખાસ ડિઝાઈન કરાયેલા સંદેશા હતા.
- મુસાફરોને પ્લેટો અને હેન્ડ–બોલ્ટ્સ આપવામાં આવ્યા હતા જેમાં કચરાના વ્યવસ્થાપનના મહત્ત્વ વિશે પ્રભાવશાળી સંદેશાઓ આપવામાં આવ્યા હતા.

## નાસાનો પહેલો એસ્ટરોઈડ સેમ્પલ પૃથ્વી પર લાવવામાં આવ્યો



8 સપ્ટેમ્બર, 2016ના રોજ લોન્ચ કરાયેલા NASAના ઓરિજિન્સ, સ્પેક્ટ્રલ ઈન્ટરપ્રિટેશન, રિસોર્સ આઈડેન્ટિફિકેશન અને સિક્યુરિટી–રેગોલિથ એક્સપ્લોરર (OSIRIS-REX) અવકાશયાનનો ઉપયોગ કરીને નજીકના પૃથ્વી એસ્ટરોઈડ બેન્નુ (અગાઉ 1999 RQ36)ના એસ્ટરોઈડના પ્રથમ નમૂનાઓ સફળતાપૂર્વક પૃથ્વી પર પાછા લાવવામાં આવ્યા છે.

- સાત વર્ષની લાંબી મુસાફરી બાદ આ અવકાશયાન 4.5 અબજ વર્ષ જૂના મૂલ્યવાન નમૂના લઈને આવ્યું છે.
- પૃથ્વીની નજીકથી ઝડપી પસાર થવા દરમિયાન ઓસિરિસ–રેક્સ સેમ્પલ કેપ્સ્યુલ રિલિઝ કરવામાં આવ્યું હતું.
- આ એસ્ટરોઈડના સેમ્પલને સંરક્ષિત કરીને અમેરિકાના યૂટા રણ (અથવા ઉટાહ રણમાં)માં સુરક્ષિત ઉતારવામાં આવ્યું હતું.
- વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે કેપ્સ્યુલમાં કાર્બન–સમૃદ્ધ એસ્ટરોઈડ બેન્નુનો કાટમાળ છે, જેનું પ્રમાણ ઓછામાં ઓછું એક કપ હોઈ શકે છે.
- આ નમૂનો 4.5 અબજ વર્ષ પહેલા પૃથ્વી અને જીવન વિશે અમૂલ્ય માહિતી પ્રદાન કરશે.
- ઓસિરિસ–રેક્સ તેની ફ્લાઈટ અને મિશન ચાલુ રાખશે, 2029માં એપોફિસ નામના અન્ય એસ્ટરોઈડ પર પહોંચશે અને તેનો અભ્યાસ કરશે.

### Astroid શું છે ?

એસ્ટરોઈડ અથવા લઘુગ્રહો એ સૂર્યની આસપાસ નિયત કક્ષામાં ભ્રમણ કરે છે.

- તે ગ્રહો કરતા ઘણા નાના છે.
- મંગળ અને ગુરૂ ગ્રહોની વચ્ચે લગભગ 45,000ની સંખ્યામાં લઘુગ્રહો (Astroids) આવેલા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- એમ કહેવાય છે કે આ બે ગ્રહો વચ્ચેનો કોઈ ગ્રહ તૂટી જવાથી તેના ટૂકડાઓમાંથી આ લઘુગ્રહ બન્યા હશે.
- તેમાં પાલાસ, જૂનો વેસ્ટ વગેરે મુખ્ય એસ્ટરોઈડ છે.
- તેમનું કદ લગભગ 1 કિ.મીથી માંડીને 955 કિ.મી સુધી છે.
- બધા જ લઘુગ્રહોનું દળ નાના બુધ ગ્રહના દળ કરતા પણ ઓછુ છે.
- કેટલાક એસ્ટરોઈડ ગ્રહોના ભ્રમણકક્ષાના માર્ગોમાં જોવા મળે છે.
- આનો અર્થ એ છે કે આ એસ્ટરોઈડ ગ્રહની ભ્રમણકક્ષામાં પ્રવેશી શકે છે અને ખતરો ઉત્પન્ન કરી શકે છે.

## એસ્ટરોઈડની અસર

જો ભવિષ્યમાં કોઈ એસ્ટરોઈડ પૃથ્વી સાથે અથડાશે તો તે મોટા પાયે નુકસાન કરી શકે છે.

- પૃથ્વી સાથે એસ્ટરોઈડની અથડામણને કારણે ભૂતકાળમાં ઘણા ભૌગોલિક ફેરફાર થયા છે, હાલમાં પૃથ્વી પર આવા ઘણા સરોવરો છે.
- એક અભ્યાસ અનુસાર એસ્ટરોઈડની ટક્કર પણ ડાયનોસોરના લુપ્ત થવાનું એક કારણ માનવામાં આવતુ હતું, તેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ વિનાશક બની શકે છે.
- અત્યારે પૃથ્વી પર મોટી સંખ્યામાં પરમાણુ પ્લાન્ટ છે, તેથી જો નાના કદના એસ્ટરોઈડ પણ પૃથ્વી સાથે અથડાશે તો તેના વિનાશક પરિણામો આવી શકે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 સપ્ટેમ્બર (B) 24 સપ્ટેમ્બર

(C) 25 સપ્ટેમ્બર (D) 26 સપ્ટેમ્બર (D)

2. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે SIMBEX-2023 નામની નૌસેના કવાયત યોજાઈ હતી ?

(A) મ્યાનમાર (B) જાપાન

(C) સિંગાપોર (D) સુદાન (C)

3. તાજેતરમાં ભારત, ઈન્ડોનેશિયા અને...............દેશ વચ્ચે પ્રથમ ત્રિપક્ષીય દરિયાઈ કવાયત યોજાઈ હતી.

(A) ઓસ્ટ્રેલિયા (B) શ્રીલંકા

(C) બાંગ્લાદેશ (D) માલદીવ (A)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સ્વચ્છતા ટ્રેન પહેલ' નીચેનામાંથી કોની સાથે સંકળાયેલ છે ?

(A) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)

(B) રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (RMC)

(C) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC)

(D) વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) (A)

5. તાજેતરમાં કઈ સ્પેસ એજન્સીએ બેન્નુ એસ્ટરોઈડનો નમૂનો પૃથ્વી પર સફળતાપૂર્વક લાવ્યો છે ?

(A) ISRO (B) JAXA

(C) ESA (D) NASA (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27 સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિવસ (World Tourism Day)




સમગ્ર વિશ્વમાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય તથા આર્થિક મૂલ્યોના પ્રસારમાં પ્રવાસનના યોગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 27 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ પ્રવાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- United Nations World Tourism Organization (UNWTO) દ્વારા 1980થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વિશ્વ પ્રવાસન દિવસનો રંગ વાદળી છે.
- વર્ષ 2023ની વિશ્વ પ્રવાસન દિવસની થીમ 'Tourism and Green Investments' છે.
- UNWTO અનુસાર સમગ્ર વિશ્વમાં પ્રવાસન દ્વારા 10% નોકરીઓનું સર્જન થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ક્લાઈમેટ એમ્બિશન સમિટ 2023



યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ એમ્બિશન સમિટ (CAS) 20 સપ્ટેમ્બર, 2023ના રોજ યુનાઈટેડ નેશન્સ હેડક્વાર્ટર, ન્યૂયોર્ક ખાતે યોજાઈ હતી.

- તેનો ઉદ્દેશ્ય યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC)ની 28મી કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝ (COP28)ની પ્રસ્તાવના તરીકે આબોહવા ક્રિયાને વેગ આપવાનો છે.
- ક્લાઈમેટ એમ્બિશન સમિટ (CAS) એ એક મુખ્ય આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ છે જેનો ઉદ્દેશ્ય આબોહવા પરિવર્તનના ગંભીર મુદ્દાને સંબોધવાનો છે.
- તે સરકાર, વ્યવસાય, નાણાં, સ્થાનિક સત્તાવાળાઓ અને નાગરિક સમાજના 'ફર્સ્ટ મૂવર અને એક્શન' નેતાઓને દર્શાવવા માટે રચાયેલ છે.
- CASનો કેન્દ્રિય ઉદ્દેશ્ય પેરિસ કરારની $1.5^0C$ તાપમાન વધારાની મર્યાદા જાળવવાનો છે, જે ગ્લોબલ વોર્મિંગને પૂર્વ–ઔદ્યોગિક સ્તરોથી ઉપર $1.5^0C$ સુધી મર્યાદિત કરીને ગંભીર આબોહવા પરિવર્તનોને રોકવા માંગે છે.

- કુલ 34 રાજ્યો/દેશ અને સંસ્થાઓ પાસે વાટાઘાટો માટેના સ્લોટ હતા, જેમાં ભારતના પાડોશી શ્રીલંકા, નેપાળ અને પાકિસ્તાન તેમજ દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલ જેવી ઉભરતી અર્થવ્યવસ્થાઓ સામેલ છે.
- યુરોપિયન યુનિયન, જર્મની, ફ્રાન્સ અને કેનેડા જેવા મોટા દેશોએ પણ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો.
- સમિટમાં બ્રાઝિલે તેના 2015 આબોહવા લક્ષ્યોને પુનઃસ્થાપિત કરવાનું વચન આપ્યું હતું, જ્યારે નેપાળે 2050ની જગ્યાએ 2045 સુધીમાં ચોખ્ખા શૂન્ય ઉત્સર્જનનું લક્ષ્ય નક્કી કર્યુ હતું.
- થાઈલેન્ડે 2050 સુધીમાં ચોખ્ખા શૂન્ય ઉત્સર્જનનું લક્ષ્ય નક્કી કર્યુ હતું. અને પોર્ટુગલે 2045નું કાર્બન–તટસ્થનું લક્ષ્ય નક્કી કર્યુ હતું.
- આ ઉપરાંત તમામ G20 રાષ્ટ્રોને 2025 સુધીમાં સંપૂર્ણ ઉત્સર્જન ઘટાડા દર્શાવતી વધુ મહત્વાકાંક્ષી NDC પ્રસ્તુત કરવા માટે પ્રતિબદ્ધ થવા માટે કહેવામાં આવ્યું હતું.

## સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્રીમતી વહીદા રહેમાનને 'દાદા સાહેબ ફાળકે, લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે

કેન્દ્રીય મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે જાહેરાત કરી હતી કે સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્રીમતી વહીદા રહેમાનને વર્ષ 2021 માટે દાદા સાહેબ ફાળકે લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.




- શ્રીમતિ વહીદા રહેમાનને 2021 માટેનો 53મો દાદા સાહેબ ફાળકે લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ એનાયત થશે.
- આ પુરસ્કાર 69મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ દરમિયાન આપવામાં આવશે.
- આ અગાઉ વર્ષ 2020 માટે સુશ્રી આશા પારેખ, 2019 માટે શ્રી રજનીકાંત અને 2018માં શ્રી અમિતાભ બચ્ચનને આ એવોર્ડ એનાયત થયો હતો.

### આ એવોર્ડ માટે પસંદગી સમિતિના સભ્યો

53મા દાદા સાહેબ ફાળકે પુરસ્કાર વિજેતાની પસંદગી કરવા માટેની સમિતિના સભ્યો નીચે મુજબના હતા :

(1) સુશ્રી આશા પારેખ

(2) શ્રી ચિરંજીવી

(3) શ્રી પરેશ રાવલ

(4) શ્રી પ્રોસેનજીત ચેટર્જી

(5) શ્રી શેખર કપૂર

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રીમતી વહીદા રહેમાન



શ્રીમતી વહીદા રહેમાનનો જન્મ 3 ફેબ્રુઆરી, 1938ના રોજ તમિલનાડુના ચેંગલપેટ ખાતે થયો હતો.

- તેઓ હિન્દી સિનેમાની સૌથી કુશળ અભિનેત્રીઓમાંના એક છે.
- તેમણે પાંચ દાયકાથી વધુની કારકિર્દીમાં 90થી વધુ ફિચર ફિલ્મોમાં કામ કર્યુ છે.
- તેમણે તેલુગુ ફિલ્મ રોજુલ મરાય (1955)થી અભિનયની શરૂઆત કરી હતી.
- તેમણે સાહિબ બીબી ઓર ગુલામ, ગાઈડ, તીસરી કસમ, રામ ઓર શ્યામ, નીલ કમલ, કભી કભી, ચાંદની, લમ્હે વગેરે જેવી પ્રસિદ્ધ ફિલ્મોમાં અભિનય કર્યો છે.
- શ્રીમતી વહીદા રહેમાનને વર્ષ 1972માં પદ્મશ્રી અને 2011માં પદ્મ ભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## દાદા સાહેબ ફાળકે પુરસ્કાર

દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એ ભારતનો ફિલ્મ ક્ષેત્રનો સર્વોચ્ચ પુરસ્કાર છે.

- ભારતીય સિનેમામાં કોઈ વ્યક્તિના આજીવન યોગદાનને ધ્યાનમાં રાખીને આ પુરસ્કાર એનાયત થાય છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂ. 10 લાખ રોકડા, સ્વર્ણ કમળ ચંદ્રક અને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવે છે.
- 1969માં સૌપ્રથમ સુશ્રી દેવિકા રાણીને 17મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

નોંધ :(1) ભારતમાં દર વર્ષે 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ' એનાયત કરવા માટેના સમારોહમાં આ પુરસ્કાર એનાયત થાય છે.

(2) ભારતમાં કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સ્થાપિત સંસ્થા ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી દાદા સાહેબ ફાળકે વિશે

ભારતીય ફિલ્મ ઉદ્યોગના 'પિતામહ' શ્રી દાદા સાહેબ ફાળકેનો જન્મ 30 એપ્રિલ, 1870ના રોજ મહારાષ્ટ્રના ત્ર્યંબકમાં થયો હતો.

- શ્રી દાદા સાહેબ ફાળકેનું મૂળનામ શ્રી ધુંડિરાજ ગોવિંદ ફાળકે હતું.
- તેમણે પોતાની પત્નીના ઘરેણા ગિરવે મૂકિને અથવા તો વેચીને ભારતમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીની શરૂઆત કરી હતી.
- તેમણે 1913માં 'રાજા હરિશ્ચન્દ્ર' નામની મૂક ફિલ્મ બનાવી હતી.
- તે ભારતીય સિનેમાની પૂર્ણ લંબાઈની અને નાટ્ય સ્વરૂપની પ્રથમ ફિલ્મ હતી.
- શ્રી દાદા સાહેબ ફાળકેની યાદમાં ભારત સરકાર દ્વારા વર્ષ 1969થી દર વર્ષે 'દાદા સાહેબ ફાળકે એવોર્ડ' એનાયત કરવામાં આવે છે.

## વડાપ્રધાનશ્રીના સલાહકાર તરીકે શ્રી અમિત ખરેનો કાર્યકાળ લંબાયો

કેન્દ્ર સરકારે વડાપ્રધાનશ્રીના સલાહકાર તરીકે નિવૃત્ત IAS અધિકારી શ્રી અમિત ખરેનો કાર્યકાળ વધારવાનો નિર્ણય લીધો છે.



- તેમનો વર્તમાન કાર્યકાળ જે 12 ઓક્ટોબર, 2023ના રોજ સમાપ્ત થવાનો હતો, તે હવે વડાપ્રધાનશ્રીના કાર્યકાળને અનુરૂપ સમયગાળા માટે ચાલુ રહેશે.
- કર્મચારી અને તાલીમ વિભાગે એક સત્તાવાર આદેશમાં શ્રી અમિત ખરેના કાર્યકાળને લંબાવવાની જાહેરાત કરી હતી.
- 12 ઓક્ટોબર, 2021ના રોજ તેમને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તેઓ ઝારખંડ કેડરના 1985 બેચના નિવૃત્ત IAS અધિકારી છે, તથા 2021માં નિવૃત્ત થયા હતા.
- નોંધનીય છે કે ડિસેમ્બર, 2019માં શિક્ષણ મંત્રાલય (ઉચ્ચ શિક્ષણ વિભાગ)ના સચિવનો કાર્યભાર સંભાળ્યો હતો અને તેમની દેખરેખ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને મંજૂરી આપવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ પ્રવાસન દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 25 સપ્ટેમ્બર (B) 26 સપ્ટેમ્બર (C) 27 સપ્ટેમ્બર (D) 28 સપ્ટેમ્બર **(C)**

2. વર્ષ 2023ની 'વિશ્વ પ્રવાસન દિન'ની થીમ શું છે ?
(A) Tourism and Green Investments
(B) Tourism and Human Development
(C) Tourism and the digital Transformation
(D) Tourism and Rural Development **(A)**

3. તાજેતરમાં 'ક્લાઈમેટ એમ્બિશન સમિટ 2023' કયાં યોજાઈ હતી ?
(A) ભારત મંડપમ, નવી દિલ્હી (B) યુએન હેડક્વાર્ટર, ન્યૂયોર્ક
(C) પેરિસ, ફ્રાન્સ (D) જીનિવા, સ્વિત્ઝર્લેન્ડ **(B)**

4. તાજેતરમાં 53માં દાદા સાહેબ ફાળકે લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ (2021 માટે) કોની પસંદગી કરવામાં આવી છે ?
(A) સુશ્રી રાની મુખર્જી (B) સુશ્રી હેમા માલિની
(C) સુશ્રી વહીદા રહેમાન (D) સુશ્રી આશા ભોસલે **(C)**

5. 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તે ભારતનો સર્વોચ્ચ ફિલ્મ પુરસ્કાર છે.
2. આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂ. 10 લાખ રોકડા, સ્વર્ણ કમળ ચંદ્રક અને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવે છે.
3. 1969માં સૌપ્રથમ સુશ્રી દેવીકા રાણીને આ પુરસ્કાર એનાયત થયો હતો.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

6. ભારતીય ફિલ્મ ઉદ્યોગના પિતામહ 'શ્રી દાદા સાહેબ ફાળકે'નો જન્મ કયાં થયો હતો ?
(A) મુંબઈ (B) પૂણે (C) નાગપુર (D) ત્ર્યંબક **(D)**

7. તાજેતરમાં વડાપ્રધાનશ્રીના સલાહકાર તરીકે......નો કાર્યકાળ વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
(A) શ્રી અજય કુમાર (B) શ્રી અમિત ખરે
(C) શ્રી અરૂણ ગોયલ (D) શ્રી રાજેશ વ્યાસ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 28 સપ્ટેમ્બર, (1) વિશ્વ હડકવા દિવસ (World Rabies Day)
## (2) માહિતીની સાર્વત્રિક પહોંચ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

### વિશ્વ હડકવા દિવસ




સમગ્ર વિશ્વમાં હડકવા અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 28 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ હડકવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સૌપ્રથમ વખત હડકવાની રસીની શોધ શ્રી લુઈસ પાશ્વરે કરી હતી.
- આથી, શ્રી લુઈસ પાશ્વરની યાદમાં તેમની મૃત્યુતિથી 28 સપ્ટેમ્બર, 'વિશ્વ હડકવા દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી લુઈસ પાશ્વરનો જન્મ 27 ડિસેમ્બર, 1822ના રોજ ફ્રાન્સમાં થયો હતો. અને ફ્રાન્સમાં જ 28 સપ્ટેમ્બર, 1895ના રોજ તેમનું નિધન થયું હતું.
- પ્રથમ વિશ્વ હડકવા દિવસ 2007માં બે સ્થાપક ભાગીદારો દ્વારા ઉજવવામાં આવ્યો હતો :

  (1) હડકવા નિયંત્રણ સંસ્થા (ARC)

  (2) રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો, એટલાન્ટા (CDC)
- વર્ષ 2023માં 17મા વિશ્વ હડકવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

### થીમ

વિશ્વ હડકવા દિવસ 2023ની થીમ 'All for 1, One Health for all' છે.

### હડકવા

હડકવા એ ઝૂનોટિક વાયરલ રોગ છે જે રસી દ્વારા અટકાવી શકાય છે.

- તે હડકાયુ પ્રાણી (કૂતરો, બિલાડી, વાંદરો વગેરે)ની લાળમાં હાજર રિબોન્યુક્લિક એસિડ (RNA) વાયરસના કારણે થાય છે.
- તે હંમેશા ચેપગ્રસ્ત પ્રાણીના કરડવાથી ફેલાય છે તથા વાયરસ પ્રાણીની લાળ સાથે ઘાવમાં પ્રવેશ કરે છે.
- એકવાર ક્લિનિકલ લક્ષણ દેખાયા બાદ હડકવા લગભગ 100% જીવલેણ છે. હૃદય–શ્વસનની નિષ્ફળતાના કારણે મૃત્યુ ચાર દિવસ કે બે અઠવાડીયા વચ્ચે થાય છે.
- 99% કેસો પાળેલા કૂતરા માણસોમાં હડકવા વાયરસ માટે જવાબદાર છે.
- હડકવા એ પ્રાણઘાતક રોગ છે જે મધ્યસ્થ ચેતાતંત્રને અસર કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે મોટા ભાગે બિલાડી, શીયાળ, વાંદરા અને હડકાયા કૂતરા કરડવાથી થાય છે.
- હડકવાના પ્રથમ લક્ષણો ફલૂ જેવા જ હોઈ શકે છે અને તે થોડા દિવસો સુધી ટકી શકે છે, જે આ મૂજબ છે : માથાનો દૂખાવો, તાવ, ઉબકા, ઉલટી, ચિંતા, મૂંઝવણ, વધુ પડતી લાળ, આભાસ, અનિદ્રા વગેરે.

## ભારતની પ્રથમ ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ



તાજેતરમાં કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રીશ્રીએ નવી દિલ્હીમાં દેશની પ્રથમ ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સેલ આધારિત બસને લીલી ઝંડી આપી હતી.

- જે પર્યાવરણ–અનુકૂળ અને લો–કાર્બન મોબિલિટી સોલ્યુશન અપનાવવાના દેશના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

### ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સેલ

ગ્રીન હાઈડ્રોજન ઈંધણ સેલ ઉચ્ચ ગુણવત્તાની વિદ્યુત શક્તિનો સ્વચ્છ, વિશ્વસનીય, શાંત અને કાર્યક્ષમ સ્ત્રોત છે.

- તેઓ ઈંધણ તરીકે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ ઈલેક્ટ્રોકેમિકલ પ્રક્રિયાને ઊર્જા આપવા માટે કરે છે જે વીજળી ઉત્પન્ન કરે છે, જેમાં પાણી અને ઉષ્મા આડપેદાશ તરીકે હોય છે.

### ગ્રીન હાઈડ્રોજન શું છે ?

ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન વિદ્યુત વિચ્છેદન–વિશ્લેષણ દ્વારા ઊર્જાના નવીનીકરણીય સ્ત્રોતો જેમ કે સૌર, પવન અથવા હાઈડલ પાવરનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.


- જ્યારે વિદ્યુત પ્રવાહ પાણીમાંથી પસાર થાય છે, ત્યારે તે વિદ્યુત વિચ્છેદન દ્વારા તેને મૂળ ઓક્સિજન અને હાઈડ્રોજનમાં વિભાજિત કરે છે.
- જો આ પ્રક્રિયા માટે વપરાતી વીજળીનો સ્ત્રોત પવન અથવા સૌર ઊર્જા જેવા પુનઃપ્રાપ્ય સ્ત્રોત હોય તો આ રીતે ઉત્પન્ન થતા હાઈડ્રોજનને 'ગ્રીન હાઈડ્રોજન' કહેવામાં આવે છે.
- હાઈડ્રોજન સાથે સંકળાયેલા રંગો હાઈડ્રોજન પરમાણુ મેળવવા માટે વપરાતા પાવર સ્ત્રોતને દર્શાવે છે.
- ઉદાહરણ તરીકે જો કોલસાનો ઉપયોગ કરવામાં આવે તો તેને બ્રાઉન હાઈડ્રોજન કહેવામાં આવે છે.
- 'ગ્રીન'એ હાઈડ્રોજન મેળવવા માટે કેવી રીતે વીજળી ઉત્પન્ન થાય છે તેના પર આધાર રાખે છે, જે સળગાવવામાં આવે ત્યારે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરતું નથી.
- ગ્રીન હાઈડ્રોજન હાલમાં વૈશ્વિક હાઈડ્રોજન ઉત્પાદનમાં 1% કરતા ઓછો હિસ્સો ધરાવે છે કારણ કે તેનું ઉત્પાદન કરવું મોંઘુ છે.

## ઈંધણ સેલ અથવા ફ્યુઅલ સેલ

ફ્યુઅલ સેલ એ ઈલેક્ટ્રોકેમિકલ ઉપકરણ છે જે રાસાયણિક ઊર્જા (આ કિસ્સામાં હાઈડ્રોજન)ને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરે છે.

- તેમાં ઈલેક્ટ્રોલાઈટ દ્વારા અલગ કરાયેલા બે ઈલેક્ટ્રોડ (એનોડ અને કેથોડ)નો સમાવેશ થાય છે.

## વીજળી ઉત્પન્ન કરવાની પ્રક્રિયા




ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સેલના એનોડ ભાગને પૂરો પાડવામાં આવે છે.

- એનોડ પરના હાઈડ્રોજન પરમાણુઓ ઈલેક્ટ્રોન છોડે છે અને હકારાત્મક રીતે ચાર્જ થયેલ હાઈડ્રોજન આયન (પ્રોટોન) બને છે.
- ઈલેક્ટ્રોન બાહ્ય સર્કિટના માધ્યમથી એનોડથી કેથોડ તરફ વહે છે, જેનાથી ઈલેક્ટ્રિક પ્રવાહ ઉત્પન્ન થાય છે.
- હવામાંથી ઓક્સિજન કેથોડને પૂરો પાડવામાં આવે છે.
- કેથોડ પરના ઓક્સિજન પરમાણુઓ ઈલેક્ટ્રોન અને પ્રોટોન સાથે જોડાઈને આડપેદાશ તરીકે પાણીની વરાળ (H2O) ઉત્પન્ન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનની જરૂરિયાત અને ફાયદા

હાઈડ્રોજન એકમ વજન દીઠ તેની ઊંચી ઊર્જા સામગ્રીને કારણે ઊર્જાનો ઉત્તમ સ્ત્રોત છે, તેથી જ તેનો ઉપયોગ રોકેટ ઈંધણ તરીકે થાય છે.

- ખાસ કરીને શૂન્ય ઉત્સર્જન સાથે ગ્રીન હાઈડ્રોજન ઊર્જાનો સૌથી સ્વચ્છ સ્ત્રોત છે.
- તેનો ઉપયોગ કાર માટે અથવા ઊર્જા–સઘન ઉદ્યોગો જેમ કે ખાતર અને સ્ટીલ નિર્માણમાં બળતણ સેલ તરીકે થઈ શકે છે.
- ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની પદ્ધતિ કોઈપણ ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન કરતી નથી.
- એક હાઈડ્રોજન ઈંધણ કોષ ગેસ દ્વારા ઈંધણ કરાયેલ આંતરિક કમ્બશન એન્જિન કરતા બેથી ત્રણ ગણો વધુ કાર્યક્ષમ છે.
- વિશ્વભરના દેશો ગ્રીન હાઈડ્રોજન ક્ષમતાના નિર્માણ પર કામ કરી રહ્યા છે કારણ કે તે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરી શકે છે અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદ કરી શકે છે.
- ગ્રીન હાઈડ્રોજન વૈશ્વિક ચર્ચાનો વિષય બની ગયો છે, ખાસ કરીને જ્યારે વિશ્વ તેની સૌથી મોટી ઊર્જા સંકટનો સામનો કરી રહ્યું છે અને આબોહવા પરિવર્તનનો ખતરો વાસ્તવિકતામાં ફેરવાઈ રહ્યો છે.

**1.** 'વિશ્વ હડકવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર (C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર **(C)**

**2.** કોની મૃત્યુતિથી 'વિશ્વ હડકવા દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી આલ્બર્ટ જોન્સ (B) શ્રી થોમસ માર્લો (C) શ્રી લુઈસ પાશ્ચર (D) શ્રી આલ્બર્ટ મરે **(C)**

**3.** 'માહિતીની સાર્વત્રિક પહોંચ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર (C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર **(C)**

**4.** તાજેતરમાં કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રીશ્રીએ કયા સ્થળેથી દેશની પ્રથમ ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સેલ આધારિત બસને લીલી ઝંડી આપી હતી ?

(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) પૂણે (D) અમૃતસર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 29 સપ્ટેમ્બર, (1) વિશ્વ હ્રદય દિવસ (World Heart Day)
## (2) આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ (International Day of Awarness on Food loss and Wast Reduction)

### વિશ્વ હ્રદય દિવસ

સમગ્ર વિશ્વમાં હૃદય સંબંધિત રોગો અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 29 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ હૃદય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- વર્ષ 2023ની 'વિશ્વ હૃદય દિવસ'ની થીમ 'Use heart Know heart' છે.

### આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ

29 સપ્ટેમ્બર, 2023ના રોજ 'આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ખાદ્ય અન્નનો બગાડ અટકાવવાનો અને તેના દ્વારા તેનો કચરો ઓછો કરવાનો છે.
- આથી, સમગ્ર વિશ્વમાં ખોરાકમાં બગાડ અટકાવવા જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- સપ્ટેમ્બર 2019 દરમિયાન મળેલી યુનાઈટેડ નેશન્સની 74મી જનરલ એસેમ્બલીમાં આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2020માં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી લિએન્ડર પેસ ઈન્ટરનેશનલ ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ



તાજેતરમાં બહુવિધ ગ્રાન્ડ સ્લેમ વિજેતા શ્રી લિએન્ડર પેસ વર્ષ 2024માં પ્લેયર કેટેગરીમાં ઈન્ટરનેશનલ ટેનિસ હોલ ઓફ ફેમ (ITHF) માટે નોમિનેટ થનાર પ્રથમ એશિયન પુરુષ ખેલાડી બન્યા છે.

- નોંધનીય છે કે ચીનના સુશ્રી લી ના 2019માં ITHF માટે નામાંકિત થનાર પ્રથમ એશિયન મહિલા ખેલાડી બન્યા હતા.
- અગાઉ ભૂતપૂર્વ ભારતીય ખેલાડી વિજય અમૃતરાજને પણ નામાંકિત કરવામાં આવ્યા હતા.
- ઈન્ટરનેશનલ ટેનિસ હોલ ઓફ ફેમ (ITHF) ટેનિસની રમતને સમર્પિત એક પ્રતિષ્ઠિત સંસ્થા અને સંગ્રહાલય છે.
- તે ટેનિસમાં ઉત્કૃષ્ટ વ્યક્તિઓ અને સંસ્થાઓની સિદ્ધિઓ અને યોગદાનને પ્રોત્સાહિત કરે છે.
- શ્રી લિએન્ડર પેસ ભારતના ભૂતપૂર્વ વ્યાવસાયિક ટેનિસ ખેલાડી છે.
- તેને અત્યાર સુધીના મહાન ડબલ્સ ટેનિસ ખેલાડીઓમાંના એક ગણવામાં આવે છે.

## ઈન્ડિયા એજિંગ રિપોર્ટ 2023 (India Aging Report 2023)




ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોપ્યુલેશન સાયન્સિસ (IIPS) અને યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) દ્વારા સંયુક્ત રીતે 'ઈન્ડિયા એજિંગ રિપોર્ટ 2023' બહાર પાડયો છે.

- આ રિપોર્ટ ભારતમાં ઝડપથી વધી રહેલી વૃદ્ધ વસતીને હાઈલાઈટ કરે છે.

### રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

### વસતી વિષયક વલણો

આ રિપોર્ટ અનુસાર ભારતની વૃદ્ધ વસતી 41%ના દાયકાના વિકાસ દર સાથે ઝડપથી વધી રહી છે.

- વર્ષ 2050 સુધીમાં ભારતની 20%થી વધુ વસતી વૃદ્ધ હશે.
- વર્ષ 2046 સુધીમાં ભારતમાં વૃદ્ધોની વસતી (0 થી 15 વર્ષની) વસતી કરતા વધી જશે.
- વર્ષ 2022 અને વર્ષ 2050ની વચ્ચે 80 + વર્ષની વયની વ્યક્તિઓની વસતીમાં આશરે 279% વધારો થવાની ધારણા છે.

## સ્ત્રીઓનું ઉચ્ચ આયુષ્ય

રાજ્યો અને પ્રદેશોમાં વિવિધતા સાથે સ્ત્રીઓ 60 અને 80ની વચ્ચે પુરુષો કરતા લાંબુ જીવે છે.

- ઉદાહરણ તરીકે હિમાચલ પ્રદેશ અને કેરળમાં 60 વર્ષની વયની મહિલાઓની આયુષ્ય અનુક્રમે 23 અને 22 વર્ષ છે, જે આ રાજ્યોમાં 60 વર્ષની વયના પુરુષો કરતા ચાર વર્ષ વધુ છે.
- જ્યારે રાષ્ટ્રીય સરેરાશ તફાવત માત્ર 1.5 વર્ષ છે.

## ગરીબી અને સમૃદ્ધિ

ભારતમાં 40%થી વધુ વૃદ્ધો સૌથી ઓછી સંપત્તિ ધરાવતા વર્ગના છે.

- વૃદ્ધોમાં ગરીબી એ ચિંતાનો વિષય છે, જે તેમના જીવનની ગુણવત્તા અને આરોગ્ય સંભાળના ઉપયોગને અસર કરે છે.
- વૃદ્ધ વ્યક્તિઓનો મોટો હિસ્સો, ખાસ કરીને સ્ત્રીઓ કોઈપણ આવક વિના જીવે છે જે તેમના જીવનની ગુણવત્તા અને આરોગ્ય સંભાળને અસર કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રાદેશિક ભિન્નતા

વૃદ્ધોની વસતી અને તેમના વિકાસ દરમાં નોંધપાત્ર આંતર–રાજ્ય ભિન્નતા છે.

- દક્ષિણ ક્ષેત્રના મોટાભાગના રાજ્યો અને હિમાચલ પ્રદેશ અને પંજાબ જેવા ઉત્તરીય રાજ્યોમાં 2021માં વૃદ્ધોની વસતીનો હિસ્સો રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે.
- આ અંતર 2036 સુધીમાં વધવાની ધારણા છે.

## વૃદ્ધ વસતીનું અગાઉનું પ્રમાણ

વૃદ્ધોમાં લિંગ ગુણોત્તર 1991થી સતત વધી રહ્યો છે, જ્યારે સામાન્ય વસતીમાં ગુણોત્તર સ્થિર રહ્યો છે.

- આ પ્રમાણ 2011 અને 2021 વચ્ચે સમગ્ર ભારતમાં અને તમામ પ્રદેશો, કેન્દ્રશાસિત પ્રદેશો અને પશ્ચિમ ભારતમાં વધ્યું છે.
- જોકે ઉત્તર–પૂર્વ પૂર્વીય પ્રદેશોમાં વૃદ્ધોના જાતિ ગુણોત્તરમાં વધારો થયો હતો, તે બંને વર્ષોમાં 1000 સ્કેલથી નીચે રહ્યો હતો.
- જે દર્શાવે છે કે 60 વર્ષથી વધુ ઉંમરના લોકોમાં પણ પુરુષો આ પ્રદેશોમાં સ્ત્રીઓ કરતા વધુ છે.

## સામાજિક સુરક્ષા યોજનાઓ વિશે ઓછી જાગૃતિ

ભારતમાં વૃદ્ધોમાં તેમના માટે રચાયેલ વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓ વિશે ઓછી જાગૃતિ છે.

- વૃદ્ધાવસ્થામાં પેન્શન યોજના (IGNOAPS) વિશે અડધાથી વધુ વૃદ્ધો (55%), 44% વૃદ્ધ વિધવા પેન્શન યોજના વિશે અને 12% વૃદ્ધ અન્નપૂર્ણા યોજના વિશે જાણે છે.

### ભલામણો

રિપોર્ટમાં નીચે મુજબની ભલામણો દર્શાવવામાં આવી છે :

(1) ભારતમાં નેશનલ સેમ્પલ સર્વે, નેશનલ ફેમિલી હેલ્થ સર્વે અને સેન્સસ જેવા ડેટા કલેક્શન કવાયતમાં સંબંધિત પ્રશ્નોનો સમાવેશ કરીને વૃદ્ધોને લગતા વિવિધ મુદ્દાઓ પર વિશ્વસનીય ડેટાના અભાવને દૂર કરવાની જરૂર છે.

(2) વૃદ્ધ વ્યક્તિઓ માટેની હાલની યોજનાઓ વિશે જાગૃતિ વધારવી જોઈએ અને તમામ વૃદ્ધાશ્રમોને નિયમન દાયરામાં લાવવા જોઈએ. આ ઉપરાંત વરિષ્ઠ સ્વ–સહાય જૂથોની રચના અને કામગીરીને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

(3) બહુ–પેઢીના ઘરોમાં રહેતા વૃદ્ધ લોકોના મહત્ત્વ પર ભાર મૂકતા, એવી નીતિઓ બનાવવી જોઈએ જે આ પ્રકારની રહેવાની વ્યવસ્થા (બહુ પેઢીના પરિવારો)ને પ્રોત્સાહિત કરે અને તેમના માટે પર્યાપ્ત સુવિધાઓ પૂરી પાડે.

(4) ક્રેચ અથવા ડે–કેર સુવિધાઓ જેવા ટૂંકા ગાળાના સંભાળ કેન્દ્રો બનાવવાની સાથે વૃદ્ધ લોકો તેમના જીવનનો આ સમય તેમના પરિવારો સાથે વિતાવી શકે તે માટે પણ પ્રોત્સાહિત થવું જોઈએ.

(5) અહેવાલ દર્શાવે છે કે વૃદ્ધ લોકો જ્યારે તેમના પરિવાર સાથે રહે છે ત્યારે તેમની વધુ સારી રીતે કાળજી લેવામાં આવે છે.

નોંધ: (1) યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીનું સહાયક અંગ છે. અને જાતીય તથા પ્રજનન સ્વાસ્થ્ય એજન્સી તરીકે કામ કરે છે.

(2) યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (ECOSOC) તેનો આદેશ નક્કી કરે છે.

(3) તેની સ્થાપના વર્ષ 1967માં ટ્રસ્ટ ફંડ તરીકે કરવામાં આવી હતી અને વર્ષ 1969થી તેનું સંચાલન શરૂ થયું હતું.

(4) 1987માં તેને સત્તાવાર રીતે યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ નામ આપવામાં આવ્યું હતું, પરંતુ યુનાઈટેડ નેશન્સ ફંડ ફોર પોપ્યુલેશન એક્ટિવિટીઝનું મૂળ ટૂંકું નામ 'UNFPA' જાળવી રાખ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતના વન વિભાગે કોનોકાર્પસ ઉછેરવા પર પ્રતિબંધ લગાવ્યો



તાજેતરમાં ગુજરાતના વન વિભાગ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- ગુજરાત સરકારના વન વિભાગે બિન–સ્વદેશી પ્રજાતિના કોનોકાર્પસ છોડને વન અને બિન વન (અથવા જંગલ અને બિન–જંગલ) બંને વિસ્તારોમાં વાવેતર અને તેના ઉચ્છેર પર પ્રતિબંધ લગાવ્યો છે.
- એટલે કે વન વિભાગની નર્સરીઓમાં અને વન વિભાગના વિસ્તારમાં નુકસાનકારક કોનોકાર્પસના રોપા ઉછેર ન કરવા વન વિભાગ દ્વારા આદેશ કરાયો છે.
- સમગ્ર ગુજરાતમાં ખાનગી ધોરણે પણ કોનોકાર્પસના વાવેતર–ઉછેર પર પ્રતિબંધ લગાવ્યો છે.
- અગાઉ તેલંગાણાએ પણ આ છોડની પ્રજાતિઓ પર પ્રતિબંધ મૂક્યો હતો.

### કોનોકાર્પસ છોડ

કોનોકાર્પસ મૂળ સાઉથ અમેરિકા અને મેક્સિકોની પ્રજાતિ છે.

- કોનોકાર્પસ વૃક્ષ વૈશ્વિક સ્તરે ઉષ્ણકટિબંધીય અને ઉપ–ઉષ્ણકટિબંધીય દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળતા ઝડપીથી વિકસતા મેન્ગ્રોવ વૃક્ષ અને કેટલાક વિસ્તારોમાં ગ્રીન કવરને પ્રોત્સાહન આપવા માટે વાવવામાં આવ્યા છે.
- આ વૃક્ષમાં શિયાળાની ઋતુમાં ફૂલો આવે છે, જેના પરાગરજો આજુબાજુના વિસ્તારોમાં ફેલાય છે.
- કોનકાર્પસ ઝડપથી વૃદ્ધિ પામતું વૃક્ષ છે.



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## કોનોકાર્પસ પર શા માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો

વિદેશી પ્રજાતિ કોનોકાર્પસ પર્યાવરણ અને માનવજીવન ઉપર નકારાત્મક અસરો અને ગેરફાયદાઓ હોવાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

- કોનોકાર્પસના મૂળ જમીનમાં ઊંડે સુધી જાય છે. તેનાથી ઘણા સંદેશાવ્યવહાર કેબલ, ઘણી ડ્રેનેજ લાઈન અને તાજા પાણીની વ્યવસ્થાને નુકસાન પહોંચાડે છે.
- આ વનસ્પતિ ભૂગર્ભ જળ માટે પ્રાણ ઘાતક માનવામાં આવે છે.
- આ છોડના પરાગરજના સંપર્કમાં આવેલા વ્યક્તિઓમાં સામાન્ય રીતે શરદી, ઉધરસ અને એલર્જી જેવા રોગો થવાની શકયતાઓ જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) મોટા ભાગે લીલાછમ, સુંદર અને આકર્ષક 'કોનોકાર્પસ' વૃક્ષ રસ્તાની વચ્ચે ડિવાઈડર પર જોવા મળે છે.
(2) ઘણા દેશોએ શહેરોમાં હરિયાળી વધારવા માટે આ વૃક્ષોને અપનાવ્યા છે.
(3) આ વૃક્ષ શંકુ આકારમાં વધે છે, જેના લીધે ભારતના વનસ્પતિ વિશેષજ્ઞો તેને અહીં લાવ્યા હતા.



1. 'વિશ્વ હૃદય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 સપ્ટેમ્બર (B) 28 સપ્ટેમ્બર (C) 29 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બર **(C)**

2. કયા દિવસના રોજ 'ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા માટેના આંતરરાષ્ટ્રીય જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 27 સપ્ટેમ્બર (B) 28 સપ્ટેમ્બર (C) 29 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બર **(C)**

3. તાજેતરમાં વર્ષ 2024માં પ્લેયર કેટેગરીમાં 'ઈન્ટરનેશનલ ટેનિસ હોલ ઓફ ફેમ' (ITHF) માટે નોમિનેટ થનાર પ્રથમ એશિયન ખેલાડી કોણ બન્યા છે ?

(A) શ્રી લિએન્ડર પેસ (B) શ્રી મહેશ ભૂપતિ

(C) શ્રી રમેશ કૃષ્ણન (D) શ્રી રોહન બોપન્ના **(A)**

4. તાજેતરમાં 'ઈન્ડિયા એજિંગ રિપોર્ટ 2023' (India Aging Report 2023) બહાર પાડવામાં આવ્યો છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પોપ્યુલેશન સાયન્સિસ (IIPS) અને UNFPA દ્વારા સંયુક્ત રીતે બહાર પાડવામાં આવ્યો છે.
2. આ રિપોર્ટ અનુસાર વર્ષ 2050 સુધીમાં ભારતની 20%થી વધુ વસતી વૃદ્ધ હશે.
3. આ રિપોર્ટ અનુસાર રાજ્યો અને પ્રદેશોમાં વિવિધતા સાથે સ્ત્રીઓ 60 અને 80ની વચ્ચે પુરુષો કરતા લાંબુ જીવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2 (D) 1, 2 અને 3 **(D)**

5. તાજેતરમાં ગુજરાતે 'કોનોકાર્પસ' પર પ્રતિબંધ લગાવ્યો છે. તે શું છે ?

(A) વિદેશી પ્રજાતિનો એક છોડ

(B) પ્રદૂષણ ફેલાવતા ફટાકડા

(C) એક પ્રકારની સિગારેટ

(D) નિંદણ દૂર કરવા માટેનું એક કેમિકલ યુક્ત લિક્વિડ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 30 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ (International Translation Day)

દર વર્ષે 30 સપ્ટેમ્બરને 'આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.




- સત્તાવાર રીતે પ્રથમ આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ વર્ષ 2017માં ઉજવવામાં આવ્યો હતો.
- 24 સપ્ટેમ્બર, 2017ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 30 સપ્ટેમ્બરને 'આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ' તરીકે જાહેર કરતો ઠરાવ પસાર કર્યો હતો.
- સેન્ટ જેરોમની પુણ્યતિથી 30 સપ્ટેમ્બરને આ દિવસની ઉજવણી માટે પસંદ કરવામાં આવી હતી.
- સેન્ટ જેરોમ એક બાઈબલ અનુવાદક છે, જેને અનુવાદકોના આશ્રયદાતા સંત તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ 2023ની થીમ 'Translation Unveils the many faces of humanity' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વર્લ્ડ કોફી કોન્ફરન્સ, 2023 (WCC)

વર્લ્ડ કોફી કોન્ફરન્સ અને એક્સ્પો 2023 એશિયામાં પ્રથમ વખત ભારતીય શહેર બેંગ્લુરુમાં યોજાઈ હતી.




- વર્લ્ડ કોફી કોન્ફરન્સ (WCC)ની પાંચમી આવૃત્તિનું આયોજન ઈન્ટરનેશનલ કોફી ઓર્ગેનાઈઝેશન (ICO) દ્વારા કોફી બોર્ડ ઓફ ઈન્ડિયા, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકાર અને કર્ણાટક સરકારના સહયોગથી કરવામાં આવ્યું હતું.

### સમિટના મુખ્ય મુદ્દાઓ

વર્લ્ડ કોફી કોન્ફરન્સ એ ICO દ્વારા આયોજિત દ્વિવાર્ષિક ઈવેન્ટ છે, જે સંયુક્ત રાષ્ટ્ર–સંલગ્ન સંસ્થા છે અને વૈશ્વિક કોફી ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે.

- WCC વિશ્વભરના કોફી હિતધારકોને સંવાદ, જ્ઞાન વિનિમય, નેટવર્કિંગ અને ઉદ્યોગના પડકારો અને તકો પર સહયોગ માટે એકસાથે લાવે છે.
- સમિટની થીમ 'ચક્રીય અર્થવ્યવસ્થા અને પુનર્જીવિત કૃષિ દ્વારા ટકાઉપણું' છે.
- પાંચમી વર્લ્ડ કોફી કોન્ફરન્સનું સત્તાવાર માસ્કોટ 'કોફી સ્વામી' (Coffee Swami) હતું.

- ભારતના કોફી ફાર્મમાંથી કોન્ફરન્સ અને પ્રદર્શન માટે નીચેની 5 વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ એમ્બેસેડર છે :

  **(1) Bee + Cassia Fisstula, (2) Elephant + Bird of Paradise,**

  **(3) Indian Hare + Marigold, (4) Peacock + Neelkurunji,**

  **(5) Civet + Dahlia**

## ICO

ICOનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ કોફી ઓર્ગેનાઈઝેશન' છે.

- તે કોફીની નિકાસ અને આયાત માટે એક મહત્વપૂર્ણ આંતર–સરકારી સંસ્થા તરીકે સેવા આપે છે.
- ICOની સ્થાપના પ્રથમ આંતરરાષ્ટ્રીય કોફી કરાર, 1962ની મંજૂરી પછી વર્ષ 1963માં સંયુક્ત રાષ્ટ્ર (UN)ના સમર્થન સાથે કરવામાં આવી હતી.
- ICO વિશ્વના 93% કોફી ઉત્પાદન અને 63% વપરાશનું પ્રતિનિધિત્વ કરે છે.

## ભારતીય કોફી બોર્ડ

ભારતીય કોફી બોર્ડ એ એક વૈધાનિક સંસ્થા છે. જેની રચના કોફી એક્ટ, 1942 હેઠળ કરવામાં આવી હતી.

- તે ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે.
- બોર્ડમાં અધ્યક્ષ સહિત 33 સભ્યોનો સમાવેશ થાય છે, જે મુખ્ય કાર્યકારી છે અને બેંગ્લુરૂથી સંચાલિત થાય છે.
- બોર્ડ મુખ્યત્વે સંશોધન, વિસ્તરણ, વિકાસ, માર્કેટ ઈન્ટેલિજન્સ, કોફી માટે બાહ્ય અને આંતરિક પ્રમોશનના ક્ષેત્રોમાં તેની પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતમાં હરિયાળી ક્રાંતિના જનક ડો. સ્વામીનાથનનું 98 વર્ષની વયે નિધન

ભારતમાં હરિયાળી ક્રાંતિના જનક તરીકે પ્રસિદ્ધ ડો. એમ. એસ. સ્વામીનાથનનું 98 વર્ષની વયે નિધન થયું છે.



- ભારતીય કૃષિમાં તેમનું યોગદાન અને ખેડૂતોના જીવનમાં સુધારો લાવવાની તેમની પ્રતિબદ્ધતા આવનારી પેઢીઓ માટે યાદ રાખવામાં આવશે.

## શ્રી એમ. એસ. સ્વામીનાથન

શ્રી એમ. એસ. સ્વામીનાથનનો જન્મ 7 ઓગસ્ટ, 1925ના રોજ મદ્રાસ પ્રેસિડેન્સીના કુમ્બકોન (હાલ તમિલનાડ) ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ મનકોમ્બુ સાંબાસિવન સ્વામીનાથ છે.
- ડો. એમ. એસ. સ્વામીનાથનને ભારતના લોકપ્રીય કૃષિ વિજ્ઞાની તરીકે ઓળખવામાં આવે છે.
- તેમણે પ્રાણીશાસ્ત્ર અને કૃષિમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું.
- મદ્રાસ યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ પી.એચ.ડી. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી જિનેટિક્સમાં કર્યુ હતું.
- 1947માં તેઓ જિનેટિક્સ અને છોડના સંવર્ધનનો અભ્યાસ કરવા નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (IARI) ગયા હતા.
- તેમણે 1949માં સાયટોજેનેટિક્સમાં ઉચ્ચ વિશિષ્ટતા સાથે અનુસ્નાતક ડિગ્રી મેળવી હતી, તેમનું સંશોધન બટાટા પર વિશેષ ધ્યાન આપીને સોલેનમ જીનસ પર કેન્દ્રિત હતું.
- સ્વામીનાથનને કૃષિ સંશોધન અને વિકાસમાં તેમના અભૂતપૂર્વ કાર્ય માટે ‘ભારતની હરિત ક્રાંતિના પિતા’ તરીકે ઓળખવામાં આવે છે.
- તેમણે ચોખા અને ઘઉંની ઉચ્ચ ઉપજ આપતી જાતોના વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી, જેણે ભારતને ખાદ્યપદાર્થોની ખોટવાળા રાષ્ટ્રમાંથી આત્મનિર્ભર રાષ્ટ્રમાં પરિવર્તિત કરવામાં મદદ કરી હતી.
- પ્રસિદ્ધ અમેરિકન કૃષિશાસ્ત્રી શ્રી નોર્મન બોર્લગ સાથે સ્વામીનાથનના સહયોગી વૈજ્ઞાનિકો પ્રયાસો, ખેડૂતો અને અન્ય વૈજ્ઞાનિકો સાથે જન ચળવળનું નેતૃત્વ કરીને જાહેર નીતિઓ દ્વારા સમર્થિત 1960ના દાયકામાં ભારત અને પાકિસ્તાનને દુષ્કાળ જેવી પરિસ્થિતિમાંથી બચાવ્યા હતા.
- 1979 થી 1982 દરમિયાન ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR)ના ડાયરેક્ટર–જનરલ તરીકે નિયુક્ત થયા હતા.
- 1982માં તેઓ ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર જનરલ બન્યા હતા.
- તેમણે 1988માં એમ.એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી એમ. એસ. સ્વામીનાથનનું અન્ય મુખ્ય યોગદાન

- **ભારતને 'હંગર ટ્રેપ'માંથી બહાર કાઢ્યું :** ભારતમાં હરિયાળી ક્રાંતિ લાવવામાં ખાદ્ય ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કરવામાં અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- **ઉન્નત પાક ઉત્પાદકતા :** ખાતરના પ્રતિભાવ માટે જમીનોને જાપોનીકા જાતોમાં સ્થાનાંતરિત કરવા પર સંશોધન હાથ ધર્યુ હતું. અને પાકની ઉત્પાદકતામાં વધારો કર્યો હતો.
- **ઘઉંની વામન જાત :** ભારતીય પરિસ્થિતિઓ માટે યોગ્ય ઉચ્ચ ઉપજ આપતી વામન ઘઉંની જાતો વિકસાવવા નોર્મન બોર્લગ સાથે સહયોગ કર્યો.
- **ચોખાની જાતો :** ઉચ્ચ ઉપજ આપતી બાસમતી ચોખાની જાતો વિકસાવી હતી અને વિવિધ પાકો માટે મ્યુટેશન ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો.
- **ટકાઉ કૃષિ :** પાકની જાતો સુધારવામાં ટકાઉ કૃષિ, આનુવંશિકતા અને સંવર્ધન મહત્ત્વ વિશે જાગૃતિ કેળવી હતી.
- **રાષ્ટ્રીય આયોગના વડા :** ખેડૂતો પરના રાષ્ટ્રીય આયોગના વડા તરીકે સેવા આપી હતી અને ખેડૂતોના પાક માટે વાજબી લઘુત્તમ ટેકાના ભાવની ભલામણ કરી હતી.
- શ્રી એમ.એસ. સ્વામીનાથનને એનાયત થયેલા મહત્ત્વના પુરસ્કારો નીચે મુજબ છે :

  (1) પદ્મશ્રી (1967)

  (2) રેમન મેગ્સેસે એવોર્ડ (1971)

  (3) પદ્મભૂષણ (1972)

  (4) વિશ્વ ખાદ્ય પુરસ્કાર (1987)

  (5) પદ્મ વિભૂષણ (1989)

નોંધ : (1) હરિયાળી ક્રાંતિ એ 1960ના દાયકામાં અમેરિકન કૃષિશાસ્ત્રી શ્રી નોર્મન બોર્લોગ દ્વારા શરૂ કરાયેલ એક પ્રયાસ હતો. તેઓ 'વિશ્વમાં હરિયાળી ક્રાંતિના પિતા' તરીકે ઓળખાય છે.

(2) ભારતમાં હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ મુખ્યત્વે શ્રી એમ. એસ. સ્વામીનાથન દ્વારા કરવામાં આવ્યું હતું. જેને ભારતમાં હરિયાળી ક્રાંતિના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 29 સપ્ટેમ્બર (B) 30 સપ્ટેમ્બર (C) 1 ઓક્ટોમ્બર (D) 2 સપ્ટેમ્બર **(B)**

2. તાજેતરમાં 'વર્લ્ડ કોફી કોન્ફરન્સ 2023' (WCC) કયાં યોજાઈ હતી ?

(A) બેંગ્લુરુ (B) ચેન્નાઈ (C) બેઈજિંગ (D) દુબઈ **(A)**

3. 'ભારતીય કોફી બોર્ડ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક વૈધાનિક સંસ્થા છે.
2. તેની રચના 'કોફી એક્ટ, 1942' હેઠળ કરવામાં આવી હતી.
3. તે ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3 (C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 2 **(C)**

4. તાજેતરમાં ડો. સ્વામીનાથનનું નિધન થયું હતું. તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) કૃષિ ક્ષેત્ર (B) પત્રકારત્વ (C) રાજકીય (D) સ્પેસ ટેક્નોલોજી **(A)**

5. ભારતમાં 'હરિયાળી ક્રાંતિના જનક' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) ડો. રાજેન્દ્રસિંહ પરોડા (B) શ્રી આસીસ દત્તા

(C) ડો. હેમસિંહ રાઠોર (D) ડો. એમ. એસ. સ્વામીનાથન **(D)**






અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **રાજ્યપાલ અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે શ્રી પરિમલભાઈ નથવાણી લિખિત પુસ્તક 'એકમેવ..... ધીરુભાઈ અંબાણી'નું લોકાર્પણ**



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 25 સપ્ટેમ્બરના રોજ રાજ્યસભાના સાંસદ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર શ્રી પરિમલભાઈ નથવાણી દ્વારા ત્રણ ભાષામાં લખાયેલા પુસ્તક 'એક મેવ.....ધીરુભાઈ અંબાણી'નું લોકાર્પણ કર્યુ હતું. નવભારત પબ્લિકેશન દ્વારા પ્રકાશિત આ પુસ્તક યુવા પેઢી માટે પ્રેરણા સ્ત્રોત બનશે. આ પુસ્તક દ્વારા ધીરુભાઈએ જીવનમાં આવતી સમસ્યાઓ વિરુદ્ધ કેવી રીતે લડીને સફળતા પ્રાપ્ત કરી અને કેવી રીતે લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવ્યા એની વાત આ પુસ્તકમાં લખાયેલી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી મુકેશ અંબાણીએ આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે.આ પુસ્તકમાં ધીરુભાઈના અવસાન બાદ સમયાંતરે પરિમલ નથવાણીએ ધીરુભાઈ વિશે વિભિન્ન અખબારો વગેરેમાં લખેલા લેખોનું સંપાદન છે.

➤ **રીંછ વસતી ગણતરી-2022**



ગુજરાત વન વિભાગ દ્વારા યોજાયેલી રાજ્યવ્યાપી રીંછ વસતી ગણતરી-2022 મુજબ ગુજરાતના 7 જિલ્લાઓમાં વર્ષ 2022ની સ્થિતિએ અંદાજે 358 રીંછની વસતી નોંધાઈ છે. રાજ્યમાં દર પાંચ વર્ષે રીંછની વસતી ગણતરી કરવામાં આવે છે. જેના ભાગરૂપે મે 2016માં છેલ્લી ગણતરી કરવામાં આવી હતી. અગાઉની વસતી ગણતરી કરતા રીંછની વસતીમાં સરેરાશ પાંચ ટકા જેટલો વધારો થયો છે. ગુજરાતમાં વર્ષ 2022માં યોજાયેલી રીંછની વસતી ગણતરી અનુસાર રાજ્યમાં બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ 146 રીંછની સંખ્યા નોંધાઈ છે, જ્યારે દાહોદ જિલ્લામાં 101, છોટાઉદેપુરમાં 61, સાબરકાંઠામાં 30, મહેસાણામાં 9, પંચમહાલમાં 6 અને નર્મદા જિલ્લામાં 5 એમ કુલ 358 રીંછની વસતી નોંધાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **તેજુ એરપોર્ટ અપગ્રેડ**



કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય એમ સિંધિયાએ તાજેતરમાં અરુણાચલ પ્રદેશના લોહિત જિલ્લામાં નવા અપગ્રેડેડ તેજુ એરપોર્ટનું ઉદ્દઘાટ કર્યુ છે. આ પ્રોજેક્ટનું મૂડી રોકાણ રૂ. 170 કરોડ છે અને તે 40,000 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે. આ પ્રોજેક્ટમાં રનવે એક્સ્ટેન્શન, આધુનિક એપ્રોન, નવી ટર્મિનલ બિલ્ડિંગ અને એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ટાવર સાથે ફાયર સ્ટેશનનો સમાવેશ થાય છે. અપગ્રેડ કરેલ ટર્મિનલ પીક અવર્સમાં 300 મુસાફરોને સમાવી શકે છે. અને એક સાથે બે ATR એરક્રાફટને હેન્ડલ કરી શકે છે. મોટા એરક્રાફટને સમાવવા માટે રનવેને 1500 મીટર સુધી લંબાવવામાં આવ્યો છે.

➤ **ભારતીય બોન્ડ્સ JP મોર્ગન GBI-EM ઈન્ડેક્સમાં સામેલ**




ભારતમાં નોંધપાત્ર પ્રવાહની અપેક્ષા રાખીને JP Morgan Chase & Co.એ તાજેતરમાં જૂન 2024થી તેના સરકારી બોન્ડ ઈન્ડેક્સ–ઈમર્જિંગ માર્કેટ્સ (GBI-EM) ઈન્ડેક્સમાં ભારતનો સમાવેશ કરવાનું નક્કી કર્યુ છે. આ પગલાથી રોકાણકારોની સંખ્યામાં વધારો થવાની અને રૂપિયાના મૂલ્યમાં સંભવિત વધારો થવાની સંભાવના છે. JP મોર્ગન GBI-EM એ વ્યાપકપણે અનુસરવામાં આવતો અને પ્રભાવશાળી બેન્ચમાર્ક ઈન્ડેક્સ છે. જે ઉભરતા બજારોના દેશો (વિકાસશીલ દેશો) દ્વારા જારી કરાયેલ સ્થાનિક–ચલણ–સંપ્રદાયિત સાર્વભૌમ બોન્ડના પ્રદર્શનને ટ્રેક કરે છે તે રોકાણકારોને ઉભરતા બજાર અર્થતંત્રોમાં નિશ્ચિત આવક બજારોનું ચોક્કસ મૂલ્યાંકન પ્રદાન કરવા માટે રચાયેલ છે. તેમાં વિવિધ વિકાસશીલ દેશો દ્વારા જારી કરાયેલ સરકારી બોન્ડનો સમાવેશ થાય છે. પાત્રતાના માપદંડના આધારે બોન્ડનું માળખું સમય જતા બદલાઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ભારતના પ્રથમ લાઈટહાઉસ ફેસ્ટિવલનું આયોજન




કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય જે સમગ્ર દેશમાં દીવાદાંડીઓની દેખરેખ રાખે છે, તેણે 75 દીવાદાંડીઓને સમૃદ્ધ પ્રવાસન સ્થળોમાં રૂપાંતરિત કરવાની એક ભવ્ય યોજનાનું અનાવરણ કર્યુ છે. આ સ્વપ્નદષ્ટા પહેલ લાઈટહાઉસ હેરિટેજ પ્રવાસન યોજનાનો એક ભાગ છે અને 23 થી 25 સપ્ટેમ્બર દરમિયાન ગોવામાં યોજાયેલ ભારતના ઉદ્દઘાટન લાઈટહાઉસ ફેસ્ટિવલને ચિહ્નિત કરે છે. લાઈટ હાઉસ ફેસ્ટિવલ એ 'ભારત પ્રવાહ' પહેલનો મહત્વપૂર્ણ ઘટક છે. આ ઉત્સવને એક રોડ શો તરીકે વર્ણાવવામાં આવ્યો છે જેનો ઉદ્દેશ્ય રોકાણકારોને આ લાઈટહાઉસ વિકસાવવા અને પ્રવાસીઓને આ અનન્ય કેન્દ્રો તરફ આકર્ષિત કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ એમેઝોન ફ્યુચર એન્જિનિયર પ્રોગ્રામનો બીજો તબક્કો શરૂ

આદિજાતિ બાબતોના કેન્દ્રીય મંત્રાલય હેઠળ સંચાલિત નેશનલ એજ્યુકેશન સોસાયટી ફોર ટ્રાઈબલ સ્ટુડન્ટ્સ (NESTS) એ 'એમેઝોન ફ્યુચર એન્જિનિયર પ્રોગ્રામ'નો બીજો તબક્કો શરૂ કર્યો છે. આ નવીન પહેલ આંધ્રપ્રદેશ, ગુજરાત, મધ્યપ્રદેશ, ઓડિશા, રાજસ્થાન અને તેલંગાણામાં સ્થિત 54 એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS)માં વિદ્યાર્થીઓને લાભ આપવા માટે તૈયાર છે. આ બીજા તબક્કામાં એમેઝોન ફ્યુચર એન્જિનિયર પ્રોગ્રામ એડવાન્સ બ્લોક પ્રોગામિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ કોર્સ પ્રદાન કરે છે. આ આગળ દેખાતો અભ્યાસક્રમ આદિવાસી વિદ્યાર્થીઓને આવશ્યક તકનીકી કૌશલ્યોથી સજ્જ કરવા માટે રચાયેલ છે. જે આજના ડિજિટલ વિશ્વમાં વધુને વધુ મહત્વપૂર્ણ બની રહી છે.

➤ **આરોગ્ય મંથન 2023નું આયોજન**



નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA), આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY)ના પાંચ વર્ષ અને આયુષ્માન ભારત ડિજિટલ મિશનના બે વર્ષ માટે 'આરોગ્ય મંથન'નું આયોજન કર્યુ હતું. 25 અને 26 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલ બે દિવસીય કાર્યક્રમમાં આ બે પરિવર્તનકારી આરોગ્યસંભાળ પહેલો સાથે સંકળાયેલા પડકારો, વલણો અને શ્રેષ્ઠ પ્રથાઓ પર ઊંડાણપૂર્વકની ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ઈવેન્ટમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નીતિ નિર્માતાઓ, રાષ્ટ્રીય આરોગ્ય સંભાળ નિષ્ણાતો, શિક્ષણવિદોના પ્રતિનિધિઓ, થિન્ક–ટેન્ક, ઉદ્યોગ અને મીડિયાની સક્રિય ભાગીદારી જોવા મળશે.

➤ **ઈન્ડિયા ડ્રોન પાવર એક્ઝિબિશન 2023**



સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે તાજેતરમાં હિંડન એરબેઝ ખાતે ભવ્ય ભારત ડ્રોન શક્તિ 2023 અથવા 'ઈન્ડિયા ડ્રોન પાવર એક્ઝિબિશન 2023' પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ સ્મારક ઘટના ભારતીય વાયુસેના અને ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયા (DFI) વચ્ચેનો સહયોગી પ્રયાસ ડ્રોન ટેક્નોલોજીની અદ્યતન દુનિયાનું પ્રદર્શનનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટ ઉપસ્થિતોને ડ્રોનના ક્ષેત્રમાં નવીનત્તમ પ્રગતિ અને ક્ષમતાઓ જોવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **CiTRAN (સિટ્રાન)**



ભોપાલમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER)ના સંશોધકોએ HIV-1 સંશોધનના ક્ષેત્રમાં અભૂતપૂર્વ શોધ કરી છે. તેઓએ સિટ્રોન નામના ગોળાકાર RNA વાયરસની ઓળખ કરી છે, જેની HIV-1 વાયરસની પ્રતિકૃતિના સંદર્ભમાં ભૂમિકા લાંબા સમયથી રહસ્યમય રહી છે. વધુમાં તેઓએ વાયરસ ટ્રાન્સક્રિપ્શનને રોકવાની ક્ષમતા સાથે એક પરમાણુ વિકસાવ્યું છે, જે HIV-1 સામે લડવા માટે નવા રસ્તાઓ ખૂલે છે.

## ➤ માનવ અધિકાર પર એશિયા પેસિફિક ફોરમ




ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ માનવ અધિકારો પરની સાર્વત્રિક ઘોષણા (UDHR)ની ઐતિહાસિક 75મી વર્ષગાંઠની યાદમાં નવી દિલ્હીમાં માનવ અધિકાર પર એશિયા પેસિફિક ફોરમની વાર્ષિક સામાન્ય સભા અને દ્વિવાર્ષિક પરિષદનું ઉદઘાટન કર્યુ હતું. માનવ અધિકાર પર એશિયા પેસિફિક ફોરમની સ્થાપના વર્ષ 1996માં થઈ હતી. તે સમગ્ર એશિયા પેસિફિક ક્ષેત્રમાં રાષ્ટ્રીય માનવ અધિકારી સંસ્થાઓને એકસાથે લાવે છે. તેનો ઉદ્દેશ્ય સંબંધિત પ્રદેશમાં માનવાધિકારના મુખ્ય પડકારોનો સામનો કરવાનો છે. તેમાં 17 પૂર્ણ સભ્યો અને આઠ સહયોગી સભ્ય છે.

## ➤ સ્વાથી વેપન લોકેટિંગ રડાર (WLR-M)

તાજેતરમાં ભારતીય સેનામાં સ્વદેશી રીતે વિકસિત વેપન લોકેટિંગ રડાર (WLR-M)ને સામેલ કર્યુ છે. જે સ્વાથી માઉન્ટેન તરીકે ઓળખાય છે. સ્વાથી માઉન્ટેન્સ WLR એ અદ્યતન ઈલેક્ટ્રોનિકલી સ્કેન કરેલ તબક્કાવાર એરે રડાર છે. તે ખાસ કરીને પર્વતીય અને ઊંચાઈવાળા વિસ્તારમાં કામગીરી માટે બનાવવામાં આવ્યું છે. તે બેંગ્લુરુમાં ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. વેપન લોકેટિંગ રડાર (WLR) એ આધુનિક સૈન્યો માટે એક મહત્વપૂર્ણ સંપત્તિ તરીકે છે, જે પ્રતિકૂળ આર્ટિલરી, મોર્ટાર અને રોકેટ લોન્ચરને સ્વાયત્ત રીતે શોધવા અને ટ્રેક કરવા માટે અદ્યત્તન સિગ્નલ પ્રોસેસિંગ તકનીકનો ઉપયોગ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ પ્રોજેક્ટ ટાઈગર અને પ્રોજેક્ટ એલિફન્ટનું મર્જર



પ્રોજેક્ટ ટાઈગર અને પ્રોજેક્ટ એલિફન્ટના સત્તાવાર મર્જરની જાહેરાત તાજેતરમાં કરવામાં આવી હતી. પર્યાવરણ, વન અને આબોહવા મંત્રાલય (MoEFCC) હેઠળ 'પ્રોજેક્ટ ટાઈગર એન્ડ એલિફન્ટ ડિવિઝન' નામના નવા વિભાગની સ્થાપના કરવામાં આવી હતી. વિલિનીકરણનું સત્તાવાર કારણ બંને સંરક્ષણ પ્રોજેક્ટ્સ માટે ભંડોળને તર્કસંગત બનાવવાનું છે. નવા વિભાગનો ઉદ્દેશ્ય અલગ વહીવટી સુયોજન જાળવી રાખીને સંરક્ષણ વિસ્તારોમાં ઓવરલેપ ઘટાડવાનો છે. પ્રોજેક્ટ ટાઈગરની શરૂઆત 1973માં ભારતમાં વાઘની વસતી અને તેમના રહેઠાણોને બચાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. પ્રોજેક્ટ હાથી 1992માં ભારતના હાથીઓ અને તેમના રહેઠાણોના રક્ષણ અને સંરક્ષણ માટે શરૂ કરવામાં આવ્યો હતો.

# વિશ્વ

➤ **હાઈફા યુદ્ધની 105મી વર્ષગાંઠ મનાવવામાં આવી**



દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ ઈઝરાયેલમાં ભારતીય દૂતાવાસના રાજદ્વારીઓ અને ઈઝરાયેલના સરકારી અધિકારીઓ 1918માં હાઈફાના યુદ્ધમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર ભારતીય સૈનિકોને માન આપવા માટે હાઈફા વોર મેમોરિયલ ખાતે ભેગા થાય છે.

આ વાર્ષિક સ્મારક 105મી વર્ષગાંઠને ચિહ્નિત કરે છે. હાઈફાનું યુદ્ધ સિનાઈ અને પેલેસ્ટાઈન અભિયાનના ભાગરૂપે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **NASAના અવકાશયાત્રી ફ્રેન્ક રૂબિયો અવકાશમાં 371 દિવસનો રેકોર્ડ બ્રેક કર્યા બાદ પરત ફર્યા**



નાસાના અવકાશયાત્રી ફ્રેન્ક રૂબિયો સાથી ક્રૂ સભ્યો સાથે અવકાશમાં અસાધારણ 371 દિવસના રોકાણ પછી પૃથ્વી પર ઐતિહાસિક પરત ફર્યા છે. તેઓને કઝાકિસ્તાનના દુરના વિસ્તારમાં સોયુઝ કેપ્સ્યુલમાં ઉતારવામાં આવ્યા હતા. તેની સાથે રશિયાના અવકાશયાત્રી સર્ગેઈ પ્રોકોપ્યેવ અને દિમીત્રી પેટેલિન પણ અવકાશમાંથી પરત ફર્યા છે. ફ્રેન્ક રૂબિયો અવકાશમાં સૌથી વધુ સમય સુધી સેવા આપનાર અમેરિકન અવકાશયાત્રી બન્યા છે. તેમણે 11 સપ્ટેમ્બરે આ રેકોર્ડ બનાવ્યો હતો. તેઓ 371 દિવસ સુધી અવકાશમાં રહ્યા હતા. આ પહેલા અમેરિકન અવકાશયાત્રી માર્ક વાંદે હીએ વર્ષ 2022માં 355 દિવસનો રેકોર્ડ બનાવ્યો હતો. જોકે અત્યાર સુધી અવકાશમાં સૌથી વધુ સમય વિતાવવાનો રેકોર્ડ રશિયન અવકાશયાત્રી વેલેરી પોલિકોવના નામે છે, જમણે 437 દિવસ વિતાવ્યા હતા.

1. તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ સીએમ એલિવેટ પ્રોગ્રામ શરૂ કર્યો છે ? – મેઘાલય

2. પુરાતત્વોવિદોએ...............ની સરહદ નજીક એક નોંધપાત્ર શોધ કરી છે, જે વિશ્વની સૌથી જૂની જાણીતી લાકડાની રચનાને જાહેર કરે છે. – ઝામ્બિયા અને તાંઝાનિયા

3. ભારતે સ્વચ્છ ભારત મિશન હેઠળ................% ODF + ગામડાઓનું લક્ષ્ય હાંસલ કર્યુ છે. – 75%

4. દીનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) અને ઈન્સ્ટિટયૂટ ફોર વ્હોટ ટુ એડવાન્સ જેન્ડર ઈક્વાલિટી (IWWAGE)ની સહયોગી (લિંગ સંવાદ)ની કેટલામી આવૃત્તિનું આયોજન થયું હતું ? – ચોથી

5. મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ (MSIL) એ ભારતીય નૌકાદળ સાથે મળીને ઉત્તર–પૂર્વ ભારતમાં યુવાનોમાં કારકિર્દીની તકો વિશે જાગૃતિ લાવવા..............મિશન શરૂ કર્યુ છે. – ખમરી મો સિક્કિમ

6. તાજેતરમાં કોણે 'ટ્રાવેલ ફોર લાઈફ' કાર્યક્રમનું આયોજન કર્યુ હતું ? – પ્રવાસન મંત્રાલય

7. કર્ણાટકના બાગલકોટ જિલ્લામાં એશિયાનો સૌથી મોટો 'રામથાલ મરોલા પ્રોજેક્ટ' કયા હેતુસર શરૂ કરવામાં આવ્યો છે ? – ટપક સિંચાઈ પદ્ધતિ અંગે

8. મલ્ટી સ્ટેટ કોઓપેરિટવ સોસાયટી (એમેન્ડમેન્ટ) બીલ 2022ની જોગવાઈ મુજબ કેન્દ્ર સરકાર ફરિયાદોના નિવારણ માટે કોની નિમણૂક કરશે ? – સહકારી લોકપાલ

9. તાજેતરમાં કયા ભારતીય અમેરિકનને 'ચેમ્પિયન ઓફ હેલ્થકેર ઈનોવેશન'થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – ડો. અમી બેરા

10. તાજેતરમાં STAR-C પહેલ કોના દ્વારા બહાર પાડવામાં આવી છે ? – ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ

11. તાજેતરમાં કોના દ્વારા વિશ્વનું સૌથી મોટું ખાનગી સેટેલાઈટ 'જ્યુપીટર 3' લોન્ચ કરવામાં આવ્યું હતું ? – SpaceX

12. ISRO દ્વારા આદિત્ય L1 મિશન માટે કયા વૈજ્ઞાનિકને મુખ્ય વૈજ્ઞાનિક તરીકે નિયુક્ત કર્યા છે ? – ડો. શંકર સુબ્રમણ્યમ

13. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ 'સીંકો' કઈ રમત સાથે સંબંધિત છે ? – તરણ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. તાજેતરમાં કઈ સંસ્થાએ '2023 એમ્પ્લોયમેન્ટ આઉટલૂક' રિપોર્ટ બહાર પાડયો છે ? – OECD

15. દિલ્હીની 'ઔરંગઝેબ લેન'નું નામ બદલીને તેને ભારતના કયા પૂર્વ રાષ્ટ્રપતિનું નામ આપવામાં આવેલ છે ?

– ડો. એ. પી. જે. અબ્દુલ કલામ

16. એરપોર્ટ મુસાફરો માટે 'BRL પ્લસ એપ' કયા એરપોર્ટ દ્વારા શરૂ કરેલ છે ? – બેંગ્લુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટ

17. ............ફિલ્મ એ મલયાલમ સર્વાઈવલ ડ્રામા છે, જે 96માં એકેડેમી એવોર્ડ માટે ભારતની સત્તાવાર એન્ટ્રી છે.

– 2018 એવરીવન ઈજ એ હીરો

18. તાજેતરમાં...........ના મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનને પત્ર લખીને આદિવાસી માટે 'સરના ધાર્મિક સંહિતા'ને માન્યતા આપવા વિનંતી કરી હતી. – ઝારખંડ

19. એનાલોગ એસ્ટ્રોનેટ તરીકે પસંદગી પામનાર ભારતના સૌપ્રથમ મહિલા એસ્ટ્રોનોટનું નામ જણાવો ?

– સુશ્રી જેની પટેલ (નવસારીના એરુ ગામના વતની)

20. તાજેતરમાં કયા સ્થળે 'દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રમાં ક્ષય (ટીબી) રોગની નાબૂદી માટે સતત પ્રયાસ, ઝડપ અને નવચાર' વિષય અથવા થીમ પર મંત્રી સ્તરીય બેઠકનું આયોજન થયું હતું ? – ગાંધીનગર

21. તાજેતરમાં ભારતીય વાયુસેનાએ કયા દેશ પાસેથી સ્પાઈક નોન–લાઈટ સાઈટ (NLOS) એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ મેળવી છે ? – ઈઝરાયેલ

22. તાજેતરમાં હૈદરાબાદ સ્થિત 'ગ્રેન રેબોટિક્સ' અને 'ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ' દ્વારા સંયુક્ત રીતે ભારતનું પ્રથમ AI આધારિત............એન્ટિ ડ્રોન સિસ્ટમ લોન્ચ કરી છે. – ઈન્દ્રજાલ

(તેનું કવરેજ 360 ડિગ્રી સુધી વિસ્તરે છે જે તમામ શ્રેણીઓ અને માનવરહિત સ્વાયત્ત જોખમોના સ્તરો સામે 4000 ચોરસ કિલોમીટર સુધીના વિસ્તારો પર સુરક્ષા પ્રદાન કરે છે.)

23. તાજેતરમાં UDGAM પોર્ટલ કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું ? – RBI

(UDGAMનું પૂરું નામ 'Unclaimed Deposits : Gateway to Access Information' છે. તેનો ઉદ્દેશ્ય બેન્કમાં દાવો ન કરાયેલી હોય તેવી અનકલેઈમ્ડ ડિપોઝિટની ઓળખ કરવાનો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

24. તાજેતરમાં કયા દેશે 'મૂન સ્નાઈપર' નામનું મિશન લોન્ચ કર્યુ હતું ? – જાપાન

(જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી (JAXA) દ્વારા રિસર્ચ કરવા માટે 'મુન સ્નાઈપર' મિશનને H-IIA રોકેટ દ્વારા લોન્ચ કર્યુ હતું.)

25. તાજેતરમાં રાજ્યસભાના ઉપસભાપતિની પેનલમાં 4 મહિલા સાંસદ સભ્યોને નામાંકિત કરવામાં આવ્યા હતા. તેના નામ જણાવો ? – પી. ટી. ઉષા, એસ. ફાંગમોન ન્યાક, ડો ફૈઝિયા ખાન અને સુલતા દેવ

26. જુલાઈ 2023માં ભારતમાં રાજ્યસભાની 10 બેઠકો માટે ચૂંટણીનું આયોજન થયું હતું. જેમાં ગુજરાતમાંથી કયા ઉમેદવારો બિન હરિફ ચૂંટાયા હતા ? – શ્રી એસ. જયશંકર, શ્રી કેસરીદેવસિંહ ઝાલા અને શ્રી બાબુભાઈ દેસાઈ

(શ્રી કેસરી સિંહ ઝાલા વાંકાનેરના રાજવી છે.)

27. 26 વિપક્ષોના ગઠબંધન UPAનું નવું નામ જણાવો ? – I.N.D.I.A.

(જેમાં I.N.D.I.A.નું પૂરું નામ ઈન્ડિયન નેશનલ ડેવલોપમેન્ટ ઈન્ક્લુઝિવ એલાયન્સ છે)

28. તાજેતરમાં ભારત અને કયા દેશની નૌસેના વચ્ચે SALVEX - 2023 યુદ્ધ અભ્યાસ યોજાયો હતો ? – અમેરિકા

29. તાજેતરમાં 41મો 'લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર, 2023' કોને એનાયત કરવામાં આવ્યો હતો ?

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

(શ્રી બાલ ગંગાધર તિલક સ્મારક ટ્રસ્ટ, પુણે દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.)

30. eSARAS મોબાઈલ એપ્લિકેશન શેના સંબંધિત છે ? – હસ્તકલા ઉત્પાદનોના વેચાણ માટે

31. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રની હવામાન એજન્સી WMO અનુસાર કયો મહિનો અત્યાર સુધીનો ગરમ મહિનો રહ્યો છે ?

– જુલાઈ 2023

32. અમદાવાદ સ્થિત Azista BST એરોસ્પેસ (ABA) દ્વારા તેમનો રીમોન્ટ સેન્સિંગ સેટેલાઈટ......લોન્ચ કર્યો હતો.

– ABA ફસ્ટ રનર (AFR)

(અમેરિકાની ખાનગી સ્પેસ એજન્સી SpaceXના ફાલ્કન-9 રોકેટ દ્વારા તેને લોન્ચ કરવામાં આવ્યો હતો. AFR સેટલાઈટ મોડ્યુલર બસ પ્લેટફોર્મ પર બનાવવામાં આવ્યો છે અને તેનું વજન 80 kg છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

33. SGX નિફ્ટી સિંગાપોર એક્સચેન્જ પરથી ડિલિસ્ટ કરીને........માં શિફ્ટ કર્યુ છે.

– ગુજરાતના GIFT Cityમાં

34. ગુજરાતની પ્રથમ ક્લાઈમેટ સમિટ ક્યાં યોજાઈ હતી ? – અમદાવાદ

(50મા વિશ્વ પર્યાવરણ દિવસના ભાગરૂપે UNICEF અને એલિક્સર ફાઉન્ડેશન ડિપાર્ટમેન્ટ ઓફ ક્લાઈમેટ ચેન્જ અને PIBની ભાગીદારી હેઠળ આ સમિટ યોજાઈ હતી.)

35. ગિફ્ટ સિટીના ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી હતી ? – શ્રી હસમુખ અઢીયા

(તેમણે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય સચિવ શ્રી સુધીર માંકડનું સ્થાન લીધું હતું.)

36. 'ફાધર ઓફ અમુલ ગર્લ' તરીકે કોણ પ્રસિદ્ધ હતું ? – સિલ્વેસ્ટર દા 'કુન્હા'

(તાજેતરમાં સિલ્વેસ્ટર દા કુન્હાનું 80 વર્ષની વયે નિધન થયું છે. તેમણે અમૂલ ગર્લના પાત્રનું સર્જન 1966માં કર્યુ હતું.)

37. જુલાઈ, 2023 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે 'એકથા કવાયત'ની છઠ્ઠી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું ? – માલદીવ

38. વીજળીના ક્ષેત્રમાં નવીનતા અને ટેક્નોલોજીના ઉપયોગ માટે........રાષ્ટ્રીય મિશનની શરૂઆત કરવામાં આવી છે.

– MAHIR

(ભારત સરકારના ઊર્જા મંત્રાલય અને નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયે સંયુક્ત રીતે 2023-24 થી 2027 – 28 માટે આ મિશન ચાલુ કર્યુ છે.)

39. તાજેતરમાં HDFC LTDનું.............માં વિલિનિકરણ કરવામાં આવ્યું હતું. – HDFC BANK

40. તાજેતરમાં .................. ની RBIના ડેપ્યુટી ગવર્નર તરીકે નિમણૂક થઈ હતી. – સ્વામીનાથન જાનકીરામન

INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
DY.S.O SPECIAL
PIRATES OF CURRENT AFFAIRS
COMING SOON
05 ઓક્ટોબર ગુરુવાર
રાત્રે 09:00 LIVE વાગ્યે
Only On Youtube
ICERAJKOT

# 50% BIG DISCOUNT

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here





Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here




Click Here





Click Here

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

# 50% BIG DISCOUNT

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here





Click Here




Click Here




Click Here




Click Here

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો




**FREE**

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

**HIGH SCORING STRATEGY**

**LIVE + RECORDED BATCH**

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

### સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT

TELEGRAM t.me/icerajkotofficial

WHATSAPP GROUP www.joinicerajkot.com

FACEBOOK ICE RAJKOT

INSTAGRAM ICE RAJKOT

TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT